પારખ પ્રકાશ
ચૈતન્ય ભજનાવળી

પ્રકાશક —શ્રી સંતરામ [illegible]



લેખક લાલદાસજી—મું. મારોલ (તા. વાઘોડિયા)

સદ્‌ગુરુ કબીર સાહેબ.

કિં. એક આના

सत्यनाम सत्यकबीर सदगुरुवे नमः ॥

પારખ પ્રકાશ
ચૈતન્ય ભજનાવળી

(અખંડ ગુરુવિષે શબ્દ

પ્રથમ સમરૂ સદ્ગુરુ દેવારે,
વારી વારી જાઉં અખંડ ગુરુને ઓળખોજી
મેં તેરો પાર ન પાયો રે, પાર ન પાયો, અખંડ ગુરુને પરખોજી?
(વારી વારી જાઉં)
ગગન મંડળમાં આંબો અનીઆરોજી, કાંઈ બની ગઇ શીતળછાયાં
(વારી વારી જાઉં)
ગગન મંડળમાં ઉર્ધ્વ મુખ કુવડોજી, કાંઈ પાણી ભરે પાણીયારીરે
(વારી વારી જાઉં)
ગગનં મંડળમાં અખંડ અખાડોજી, કાંઈ બાલક હોય પરસાયારે
(વારી વારી જાઉં)
ગુરુને પ્રતાપે દેવીદાસ બોલ્યાજી, સદ્ગુરુ પાર ઉતારો રે
વારી વારી જાઉં)

(શબ્દ)

આવો સંતો દેશ અમારડે રે જી
ત્યાં છે સદારે વસંત, શાંતિનાં વરષે મોતીડાં રે. (ટેક)
સંતો વિના મરડાંએ મરદંગ વાગેરે જી, વિના પાંવ નાચનહાર;
પ્રેમહંસાવળી પુતળીરે જી, ખેલે ગગનમાં જાર, (આવો)
સંતો વિનારે બતી દીપક જલેરે જી, વિના મુખ ગાવેરે ગીત;
રૈનને દિવસ વાં નહિરેજી, નહિ કાંઈ શીશ અદવીત; (આવો)
સંતો (ૐ) ઓહુંકારથી આગેરડોરેજી, નીશ્ચે સાહેબનું નામ.
જ્ઞાનને હિમાળે જે ગળ્યારેજી, પાયા પદ નિર્વાન. (આવો)
સંતો મોતી મળ્યાં મોંઘા મુલ્યનાંરેજી, ત્યાં છે સાંકડી શેર;
પાંવ-ન-ટકેરે પપીલક્ષારે જી, સંતે લીયા હૈ ઘેર. (આવો)
સંતો ગગનમંડળમાં વાજાં બાજેરે જી. બાજે અનહદ ધીર;
સદ્‌ગુરુ મળ્યા મને પ્રેમથીરે જી, સદ્‌ગુરુ સાહેબ કબીર(આવો)

(શીખામણ વિષે)

સંત પુરુષની સંગત કરીએ, નીચ સંગત પરિહરીએ જી;
સત્ય સંગતથી સત્ય જડે છે, ભવસાગરથી તરીએ.
(શિક્ષા શાણાને)
ખરી મહેનતનું દ્રવ્ય લઈએ, નીચ નજર ન કરીએ જી;
પાછળથી પસ્તાવો ઉપજે, હાંસીથી તો ડરીએ. (શિક્ષા શાણાને)
સત્યને રાહે હમેશ જઈએ, પરનિંદા ના કરીએજી;
સર્વ કોઇનું ભલુ ઇચ્છીએ, પાપકપટ પરિહરીએ.(શિક્ષા શાણાને)
વિના વિચારે કામ કરે તે, પાછળથી પસ્તાયેજી;
બગડી બાજી ફેરી ન સુધરે, મળે ન-જે-તક જાયે. (શિક્ષા શાણાને)

લાખ ગમાવી શાખ રાખજો, શાખે મળશે લાખજી;
ગઇ શાખ ફેર હાથ ન મળશે, શાખ ગયે સઉ ખાખ.
(શિક્ષા શાણાને)
થોડુ બોલે સુખ ઘણું છે, બહુ બોલે પત જાયેજી;
પાખંડ પંથને તજો હમેશાં, ચૈતન્ય ધર્મ સુખ થાય.
(શિક્ષા શાણાને)
ધન મળે પણ ગર્વ ન કરશો, પાણીનો પડછાયોજી;
જોબન જીવન ચાર દીવસનું, અંતે તો પસ્તાવો. (શિક્ષાશાણાને)
પાણી વલોવે માખણ નાવે, કલ્પીત વાણી ન ભાવેજી;
ધિરજ ધરીને સત્ય આચરજો, ગુરુ વિન જ્ઞાન ન આવે.
(શિક્ષા શાણાને)
સંત ગુરુની આજ્ઞા માની, ભૂલ ભર્મને ટાળોજી;
ધર્મ નિતિ સત્ય હંમેશ રાખો, પાપ સર્વ પ્રજાળો.
(શિક્ષા શાણાને)
મિઠાં વચનો સઉને કહેવા, કટુ વચન તજી દેવું જી;
પાંચ વેરીને વશ કરીને, અમૃત વચન સૌ કહેવુ.
(શિક્ષા શાણાને)
માનવ જન્મ મળ્યો મુસીએ, સત્સંગ કરજો સાચોજી;
મયાદાસ સત્યગુરુને ચરણે, હરદમ સત્યને રાચો.
(શિક્ષા શાણાને)

(ઈલાચી પુત્રની સજાય)

નામ ઈલાચી પુત્ર જાણીએ રે, ધનદત શેઠનો પુત્ર;
નટવી દેખીને મોહીયો, નવિ રાખ્યું ઘરસૂત્ર.
" કર્મ ન છુટે રે પ્રાણીયા, " (ટેક)

પુરવ નેહ વિકાર; નિજકુળ છંડી રે નટ થયો;
નાણી શરમ લગાર. (કર્મ)
એક પુર આવ્યો રે નાચવા, ઉંચો વાંસ વિશેષ;
તિહાં રાય જોવા રે આવીઓ, મળીયા લોક અનેક. (કર્મ)
દ્વાય પગ પહેરી રે પાવડી, વાંસ ચઢયો ગજ ગેલ;
નોંધારો થઈ નાચતો, ખેલે અવનવા ખેલ. (કર્મ)
ઢોલ બજાવેરે નટવી, ગાવે કિન્નર સાદ;
પાય તલ ઘુઘરા રે ઘમઘમે, ગાજે અંબર નાદ. (કર્મ)
તિહાં રાય ચિત્તમાં ચિંતવે, લુબધ્યો નટવીની સાથ;
જો નટ પડે રે નાચતો, તો નટવી મુજ હાથ. (કર્મ)
દામ ન આપે રેં ભૂપતિ, નટ જાણે નૃપ વાત;
હું ધન વંછુ રે રાયનું, રાય વંછે મુજ ઘાત. (કર્મ)
તવ તહાં મુનિવર પેખીયા, ધન ધન સાધુ નિરાગ;
ધિકધિક વિષયા રેં જીવને, ઇમ નટ પામ્યો વૈરાગ. (કર્મ)
થાળ ભરી શુદ્ધ મોદકે, પદમણી ઉભી છે બાર;
લો–લો–કહે છે લેતા નથી, ધન ધન સાધુ અવતાર. (કર્મ)
સંવર ભાવે રે કેવળી, થયો મુનિ કર્મ ખપાય;
કેવળ મહિમારે સુર કરે, લબ્ધિ વિજય ગુણ ગાય. (કર્મ)

ભાવાર્થ—એક ધનદત નામનો શેઠ જેને ત્યાં ઇલાચી નામનો પુત્ર હતો એક નટ રમવા આવ્યો તેની સાથે એક પુત્રી હતી તેને દેખી ઇલાચી નામનો પુત્ર મોહ પામ્યો તેથી તે નટનો વેશ ધારણ કરી નટડીની સાથે ચાલ્યો, કારણ કે પુર્વના કર્મ સંજોગે વર્તમાન કાળમાં તે કર્મો ભોગવવા પડે છે. પગે ઘુઘરા બાંધી શેઠનો પુત્ર અદ્ધર નાચ કરે છે ત્યાં એક

રાજાનો કુંવર પણ તે નટડીની સાથે મોહ પામે છે, અને મન સાથે વિચાર કરે છે કે જો શેઠનો છોકરો નાચ કરતાં મરણ પામે તો નટવી મને મળે, એવા વિચારથી નટને કંઈ પણ દામ આપતો નથી તેવા કારણોથી શેઠનો પુત્ર જાણી ગયો કે હું રાજાનું ધન ઇચ્છું છું અને રાજા તો મ્હારી ઘાત ઇચ્છે છે. એવા ટાઇમમાં તે શેઠે એક મુનિવરને (પારખી સાધુને) પરખી લીધા કે ધન છે કે નિરાગી પારખી સંતોને, એમ કહી શેઠનો છોકરો પરમ વૈરાગ્યને પામ્યો કારણ કે ધિક છે એ વિષયા જીવન સંસાર માયા જાળને, એવી માયા જાળને તજીને સાધુ પુરુષો નિરાગપણે રહે છે; સંતો પોતાના સ્વસ્વરૂપ નિજપદને આત્મ (ચૈતન્ય) પદની પ્રાપ્તિ કરીને અસલ સુખ જે મોક્ષ પદને પામે છે. પોતાની તમામ વાસનારૂપી કર્મોને ખપાવીને કેવળ જ્ઞાન (પારખ પ્રકાશ જ્ઞાન) પ્રાપ્ત કરી સંત સત્યમાંજ છેવટે સત્ય પ્રકાશજ (ચૈતન્ય પ્રકાશજ) જે અસલમાં હતો તેવો જ પારખ પ્રકાશ ચૈતન્ય પદમાં સત્યજ રહે છે.

કબીર સાહેબનો સિદ્ધાન્ત

" ચેતવણી "

" કહા વિના મોહિ રહા–ન–જાય ? "

સદ્‌ગુરુના વચન સિદ્ધાન્તને અનુસરી ચાલનાર જ કબીર પંથી કહી શકાય, પરંતુ કબીરપંથીઓમાં કેટલાક પ્રચારકો સદ્‌ગુરુના વચનને નહિં પરખી શકનાર ભુલવણીમાં ગોથા ખાયા કરે છે અને આખર ચોરાસી આદિ કષ્ટ સહન કરે છે. કારણ કે "વાણી હે બહુ ભાતકી, કહૅાં કહૅાં ચિત્ત દીજીએ,"

જો હોય અપને કામકી તાહીકો મથી લીજીયે." વાણીના અને ખાનીના બેઉ બંધનને તોડવા માટે ખાસ પારખ પ્રકાશ જ્ઞાનની જરૂર છે. કેટલાક બ્રહ્મ સિદ્ધાન્તને કલ્પીને બ્રહ્મની માનંદિ સર્વ વ્યાપક બ્રહ્મ મનાવી જીવોને ભ્રમ ફાંસીમાં નાંખી દેવે છે. કબીર સાહેબ બીજક ગ્રંથમાં શબ્દ (૧૧૨) માં કહે છે કે

"બ્રહ્મ બડાકી જહુંસે આયા, વેદ બડાકી જીને ઉપજાયા."

ભાવાર્થ—બ્રહ્મ સિદ્ધાન્ત માનનારાઓને સદ્દગુરુ કહે છે કે બ્રહ્મની ઉત્પત્તિ એ-ચૈતન્યની કલ્પનાથી જ થાય છે તો ચૈતન્ય મોટો કે બ્રહ્મ મોટો તેનો ખ્યાલ કરવા ખાસ જરૂર છે. માટે નિજ સ્વસ્વરૂપ ચૈતન્ય પદને ભુલી એ જીવ અનંતો કાળથી ભટકયા કરે છે. કારણ કે પોતાને પારખ નથી અને પારખ નિષ્ટ સંતોથી સત્સંગ કર્યા સિવાય પોતાના મનથી માનેલી કલ્પનાનો નાશ કયાંથી થાય ? ભલે એક નાનો છોકરો જો સાચી હકીકત પરખાવે તો તેનું કહ્યું માનવા માટે કદી પણ ચુકવુ નહિં. મોટાઓનું કહ્યું માનવાથી કલ્પનાથી જીવ અધોગતી જાવેતો તે માનવુ શુ કામનું? તેથી પોતાના અંતઃકરણમાં સાચો સિદ્ધાન્ત અને સદ્દબોધ લેવા (પારખવા) પ્રયત્ન કરવા ચુકવુ નહીં. "કોઈ સંકા કરે કે કબીરસાહેબના નામના જ પુસ્તકો* હોય અને કલ્પનાવાળો સિદ્ધાન્ત હોય તો કેમ કરવું ??

ઉત્તર એ છે કે ઘણા મહાત્માઓ કબીર સાહેબના જ નામથી વાણી બનાવીને પોતાની મન કલ્પના લગાવીને સત્ય સિદ્ધાન્તને ફેરવી દેવે છે. તેથી સૌ કોઈએ પોતાને પારખ

પ્રકાશ જ્ઞાનને પ્રાપ્ત કરવા કોશિષ કરવી જોઇએ, જેથી તમોને તમામ કલ્પનાવાળી વાણી તુરત પરખાઇ જશે જેમ સુર્ય ઉદય થવાથી તારાઓ અને અંધકાર નાશ થાય છે તેમ તમારી અંદરની કલ્પનાઓ તુરત દુર થઇ જશે. અને જીવ પરમપદે પહોચી શકશે.

(સાખી) નિર ક્ષીરકા કરે નિવેડા; કહે કબીર સો હુંસ હુમેરા.

નિર કહીએ ભ્રમિત વાણી ક્ષીર કહીએ ચૈતન્ય ધર્મ પ્રકાશ (પારખ જ્ઞાન) સ્વસ્વરૂપ (અસલ નિજરૂપ) ને પરખે તે હુમારો હુંસ છે. (મુક્ત જીવ છે).

મેરે હાડ ચામ માંસ નાહીં, હુમ સત્ય નામ ઉપાસી;
તારન તરન અભય પદદાતા, કહે કબીર અવિનાશી.

ભાવાર્થ—કેવળ વાણીને જ પકડનારાઓને વસ્તુનું જ્ઞાન કદી પણ હોતુ નથી કબીર સાહેબ એ શુ વસ્તુ? તે કબીર પંથી હોવા છતાં પણ નહીં જાણે તો શુ કામનું? "ભેખ બરાબર હોય રહા, ભેદ બરાબર નહીં." જ્યારે વસ્તુની પારખ હોતી નથી તેઓ નાહક મથી મરે છે, માટે તેનો ખ્યાલ કરવા જરૂર છે, માટે કબીર સાહેબ સત્ય પુરૂષ છે. વસ્તુતાથી અસલ છે, અસલ એટલે ચૈતન્ય પુરૂષ છે, ચૈતન્ય નામ સત્ય વસ્તુનું જ છે. જેનો ત્રણ કાળમાં નાશ-ન-હોય તે વસ્તુનું નામ સત્ય કહેવાય છે, (સત્ય નામ) સત્ય એટલે ચૈતન્ય-કે-જેનો ત્રણ કાળમાં નાશ નથી, કબીર સાહેબે પોતે કહ્યું છે કે, "જીવજમા એક સત્ય હે ભાઇ" જમા નામ દ્રવ્ય ચૈતન્ય તે સિવાય તમામ ઉપદ્રવ્ય જ છે, "વેદ કીતાબ કાજી પંડિત રચા, કબીર કથનીમેં જીવ હૈજી" (કબીરરેખતા)

તેથી જે બ્રહ્મ-ઈશ્વર-રામ-ખુદા-શિવ-શક્તિ-બ્રહ્મા-વિષ્ણુ-નિરંજન આદિ તમામ નામ-એ જીવની કલ્પનાથી થયેલાં છે, જેથી જગત્માં એક પ્રથા ચલાવવા અનેકો પંથોના પ્રપંચ રચ્યા છે.

(સાખી)

ચૈતન્ય-જડ-દોય વસ્તુ હૈ, અતી પ્રસિદ્ધ જગમાંહીં;
ઉનકી પારખ પ્રાપ્તિ વિન, બંધન છૂટત નાહીં.

ભાવાર્થ—ચૈતન્ય વસ્તુ (સત્ય) એ અનાદિથી પ્રગટ જ છે તેની પારખ વિના જીવ-જે-સંસારીક કામ, ક્રોધ, મોહ, મદ, લોભાદી એવા જે શત્રુઓને જીતી શકતો નથી. અને તે શત્રુઓને જીત્યા સિવાય વૈરાગ્ય વિવેકાદી ગુણો પ્રાપ્ત થતા નથી, વિવેક વૈરાગ્ય પ્રાપ્ત થયા વિના એ જીવને પારખ પ્રકાશ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. પારખ પ્રકાશ જ્ઞાન પ્રાપ્ત થયા વિના જીવ અસલ સુખ પરમપદે પહોંચી શકતો નથી, તેવા કારણથી-આ-એક લઘુ પુસ્તક નામે "પારખ પ્રકાશ ચૈતન્ય ભજનાવળી" નામ આપી જનસેવાર્થે અર્પણ કરૂં છું."

(પ્રથમ પ્રાર્થના)

દોહરા

જય કરનારા સદ્‌ગુરુ, દુખ હરો ગુરુદેવ;
સત્ય કબીર સદ્‌ગુરુ પ્રભુ, આપો જ્ઞાન સત્યભેવ. ૧
નમું નમું મયાદાસ ગુરુ, નમું સંત સૌ દેવ;
લાલદાસ વિનંતી કરે, હરદમ કરૂં હું સેવ. ૨
નમન કરૂં નિર્મળ થવા, ભવજળ તારણહાર;
સત્ય સત્ય વંદુ સદા, બુડત કીધી વાર. ૩

નમું નમું સૌ સંતને, પાપતણા હરનાર;
સૌ જગતમાં હંસને, મંગળના કરનાર. ૪
ભાવે પૂજો આત્મા, પ્રત્યક્ષ ગુરુદેવ;
સંતમૂર્તિ છે મુક્તરૂપ, જય જય જય ગુરુદેવ. ૫
સંતપુરુષો ગુરુ સદા, ગુરુ સંત સૌ એક;
કોટી કર્મ કાટે સદા, આપે સત્ય વિવેક. ૬
અસંખ્ય યુગની ભૂલ જે, નાશ કરી ગુરુદેવ;
પ્રત્યક્ષ પ્રભુ પરખાવીઆ, સદ્ગુરુ ચૈતન્ય એહ. ૭
અમરધામ અમરપુરી, સત્ય કબીરનો વાસ;
લાલદાસ બંદગી કરે, હરદમ શ્વાસોશ્વાસ. ૮

(પ્રથમ પ્રાર્થના)

વંદનીએ ગુરુદેવ, તમોને વંદનીએ ગુરુદેવ (ટેક)
કરો કૃપા નિજ દાસની ઉપર, દયા કરો તતખેવ૦ (તમોને)
સત્ય પારખતે આપો સદ્બુદ્ધિ, સત્ય ભક્તિ સંમેવ૦ (તમોને)
કોટી અવગુણો ગુરુ માફ કરોને, શુદ્ધ ગુણોને દેવ૦ (તમોને)
જેવો તેવો હું દાસ તમારો, નાવ કિનારે લેવ૦ (તમોને)
આપ કૃપા થકી રચીએ વાણી, ભજનતણો સત્યમેવ૦ (તમોને)
સંવત ઓગણીશ છનુંઓ, સુભ તિથિ સંમેવ૦ (તમોને)
મયાદાસ કે ચરણકમળમાં, લાલદાસ કરે સેવ૦ (તમોને)

(શ્રી ગુરૂ પ્રથમ પ્રાર્થના)

રાગ હરિગીત છંદ

પૂર્ણ પ્રતાપી પારખી, ગુરૂ દયાળુ સર્વના;
સદ્બુદ્ધિ આપી દાસને, વિચાર ટાળો ગર્વના.

છે શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, પંચ વિષયની વાસના;
આવરણ મહીં સર્જાયો છું, સુણો પોકારો દાસના. (ટેક)
છું અલ્પજ્ઞાની અંધ પ્રાણી, કષ્ટ મારાં કાપજો;
ભટકું બહુ ભવસીંધુમાં, શરણું તમારૂ આપજો.
શિર નામીને પ્રેમ આણીને, નિત્ય કરૂ ઉપાસના;
આવરણ મહીં અંજાયો છું, સુણો પોકારો દાસના. (૨)
ન જાણું મર્મો કર્મોનાં, શી રિતે નાશ થતાં હસે,
કામાદીદળ બહુ દુષ્ટ છે, મુજ પાસમાં આવી વસે.
મને દાસ જાણી આપનો, અરપો ગુરૂ ઉલાસના,
આવરણ મહીં અંજાયો છું, સુણો પોકારો દાસના. (૩)
સંસાર સાગર નીરનાં, મોજાં ઘણેરાં આવતાં,
પટકે અહીં તે મુજને, રાત્રી દિવસ સતાવતાં.
મયાદાસજી દેવ દાતા, છો ગુરૂ લાલદાસના,
આવરણ મહીં અંજાયો છું, સુણો પોકારો દાસના. (૪)

(કેવા પંથે જાવુ તે વિષે)

ભજન ટકસાર

મ્હારે જાવું સામે પાર, નદીમાં નાવ અતિ;
હું બેસું કેઈ નાવ, પારખ મેરી પાસ નથી. (મ્હારે) ૧
ભવસાગર જળ અપાર, પાણીનો થાહ નથી;
સદ્ગુરૂ બતાવી સાન, દામોદર સાહેબથી. (મ્હારે) ૨
ગુરુ માનસાહેબની મહેર, હકીકત સાર અતિ;
તેથી આવ્યુ અપુર્વ જ્ઞાન, પ્રકાશ જ્ઞાન પારખથી. (મ્હારે) ૩
સર્વ પંથોની પંચાત, કથ્યુ કંઈ જાય નથી;
ભૂલે સૌ સંસાર, બ્રહ્મા ભૂલે વેદ થકી. (મ્હારે) ૩

ભૂલે શિવ વિષ્ણુને શેષ, યોગિ ભૂલે ધ્યાન થકી;
પારખ વિન પસ્તાય, જ્ઞાનીજન જ્ઞાન કથી. (મ્હારે) ૪
મેં ઢુંઢ્યા સઘરા પંથ, દેખી સૌ પરવ્રતિ;
નાંખે કર્મની જાળ, નર્કમાં અધોગતિ. (મ્હારે) ૫
નહિં આવે તેથી અંત, માનંદિ માનવથી;
જયારે મળીયા સત્ય કબીર, તોડાવી ભ્રમમતિ. (મ્હારે) ૬
પરખાવી સર્વે જાળ, પહોચાવ્યા પરમગતિ;
કોઇ વિરલા પામે સંત, પરમપદ પારખથી. (મ્હારે) ૭
સ્વયં સદ્‌ગુરૂ સંત, ચૈતન્યની અપાર ગતિ;
નાવ કબીર ગુરુ પાસ, પરખે કોઇ સત્યમતિ. (મ્હારે) ૮
તજી અનેકો નાવ, બેઠો સત્ય એક વ્રતિ;
પામો સ્હેજે પાર, સત્ય નામ મંત્ર જપી. (મ્હારે) ૯
ખેવટ સત્ય કબીર, પાવે કોઈ પરમ ગતિ;
મને મળીઆ સમર્થ સંત, પુર્વના પૂણ્ય થકી. (મ્હારે)૧૦
અમર પુરુષ સમર્થ, હંસોની સરણુ ગતિ;
જનયોગિ ના પાવે પાર, પાવે કોઈ પારખથી. (મ્હારે)૧૧
ઓગણીસ છનુસાલ, કહ્યું ઉર અનુભવથી;
કારતક સુદી ત્રીજ, ભોમવારે કહ્યું કથી. (મ્હારે)૧૨
સંત ગાવે મયાદાસ, ગુરુના જ્ઞાન થકી;
સત્ય બંદગી હરદમદાસ, પહોંચાવ્યા પરમગતિ. (મ્હારે)૧૩

(કબીર સાહેબને વંદના સ્તુતિ)

રાગ હરિગીત છંદ

સાહેબ સત્ય કબીર, કૃપાળુ કરૂણા ધાર છો;
છો સુખસાતા દેવદાતા, જનના પ્રાણાધાર છો.

લાવો દયા નીજ દાસની, અંતરની ટાળો આપદા;
છો જગત્રાતા પ્રાણદાતા, શાન્તિદાતા સર્વદા.
મુજને તમારો આશરો, નિજ ચરણે વાસો આપજો;
મમ કર્મ દોષ નિવારીને, સેવકનાં સંકટ કાપજો.
વંદન કરીને વ્હાલથી, હું આપના પંથે વહ્યો;
ગુરૂ સરણે મુજને રાખશો, વિશ્વાસથી વળગી રહ્યો.
સત્ય પ્રકાશી પારખી, ગુરુ સત્યપદે બીરાજીયા;
મહામંત્ર સત્ય નામના, પ્રીતેથી પાઠ પઢાવીયા.
સ્હાયક સાધુ સંતના, ત્રિતાપથી ગુરુ ટાળતા;
ભવની ભરમણા ટાળીને, દાસો ઘણા નીવારતા.
સેવક જાણી આપનો, મુને પાસમાં ગુરુ રાખજો;
ક્ષમા કરી અપરાધને કામાદી દળને ટાળજો.
લાલદાસ વારંમવાર, કરજોડી કરે છે બંદગી;
મને ઓથ આપી આપની, સુધારો મ્હારી જીંદગી.

(રાગ લાવણી)

જય જય ગુરૂ બંદી છોડ, વ્હારે ચઢો મ્હારી;
લ્યો સેવકની સંભાળ, અરજ ઉર ધારી.
ઘણા ભક્તો તણી મહારાજ, કાટી યમ ફાંસી;
જય જય ગુરૂ સત્ય કબીર, કાસીના વાસી. (જય જય)
શ્વેત શોભે શિર મુકુટ ગલેમેં માલા;
આશન છે પદ્માસન સોભે દયાલા.
તમ દરશનથી ગુરૂરાજ પાપ જાય નાસી;
જય જય ગુરૂ સત્ય કબીર કાસીના વાસી. (જય જય)

શેલી શીંગીનો ઘાટ ઠાઠ બન્યો સારો;
રાખે દરશનની આશા જન હજારો.
તુમ ચરણે આવે રંક રાય દરશનના પ્યાસી;
જય જય ગુરૂ સત્ય કબીર કાસીના વાસી: (જય જય)
છે ચક્રાકૃત શિર ટોપ સત્ય પ્રકાશ;
ત્રિતાપ તુમારે ચરણ થાયે સબ નાસ.
છો જગતગુરૂ જગપાળ સાહેબ સુખરાસી;
જય જય ગુરૂ સત્ય કબીર કાસીના વાસી. (જય જય)
છે ઉર્ધ્વ તીલક સુંદીર ગુરૂ કપાળે;
સ્વેતવર્ણો વસ્ત્રો શણગાર ગુરૂ દયાળે.
લાલદાસની સુણો અર્જ ગુરૂ અવિનાશિ;
જય જય ગુરૂ સત્ય કબીર કાસીના વાસી. (જય જય)

(પદ)

ગુરૂનાં વચન ધરો ઉરમાં રે લાલ;
સત્યે ગુરૂનો રાખો ટેક રે,
એકદીન જાવું છે ભાઈ એકલું રે લાલ. (ટેક)
ગરજ વિના ગુરૂજી કદી નહી મળે રે લાલ;
ગુરૂજી વિના ન મળે જ્ઞાન રે. (એક દિન)
ભજન વિનાનો નર ભૂત છે રે લાલ;
ભમતો ફરે એ ભૂલી ભાન રે. (એક દિન)
ગુરૂજી ગોવિંદથી અધિક છેરે લાલ;
ગુરૂ મૂર્તિનું ધરો ધ્યાનરે. (એક દિન)
સ્મરણ કરી લ્યો સત્ય નામનું રે લાલ;
ગાવો ગુરૂના ગુણ ગાન રે. (એક દિન)

લાલદાસ કહે છે કરજોડીને રે લાલ;
સત્ય ગુરૂથી મળી સાન રે. (એક દિન)

(૫૬ કાફી)

સાચા ગુરૂ તે છે—રે, શિષ્યોનાં સહુ સંકટ હરે;
જગત થકી રહે ન્યારા રે, પાણીમાં જેમ કમળ તરે. (ટેક)
માન બડાઇ કદી ના કરે, સહુને પમાડે શાન્ત;
સેવક સહુ સરખા ગણે, ના જુવે નિચ ઉંચ જાત.
આપ સમાન બનાવે રે, પારસ લોહા કંચન કરે. (સાચા)
મોહમમતા નહીં ઉરમાં, સડરીપુ સર કરનાર;
પરદારા સુ પ્યાર નહી, તજે વિષય વિકાર;
સમરથ ગુરૂ પુરારે, માયા આવરણ દૂર કરે. (સાચા)
સત સમશેર ગ્રહે હાથમાં, ટાળે માયાના ફંદ;
ધ્યાન ધરે ગુરૂ મૂર્તિનું, જેમ ચકોરને ચંદ્ર,
પ્રપંચથી છોડાવે રે, માયા આવરણ દૂર કરે. (સાચા)
પારખ ગુરૂ પ્રતાપથી, સત વસ્તુ પરખાય;
તાપ ટળે ત્રિતાપનાં, આનંદ ઉરના માંય,
ગુરૂ મયાદાસ ચરણે રે, લાલદાસનું ત્યાં ચિત્ત ઠરે. (સાચા)

(સાખી)

સમરથ ગુરૂ મયાદાસજી, સેવકના પ્રતિપાલ;
દયા કરો તમ દાસપે, ગુરૂ ટાળો જગ જંજાળ. ૧
અલ્પ મતિ છે માહેરી, ગુરૂ શું કહુ મુખથી વાણ;
શુદ્ધમતિ આપી દાસને, પરખાવો ચૈતન પ્રમાણ. ૨
સેવક જાણી આપનો, ગુરૂ લ્યો છો બહુ સંભાળ;
વિસારૂં નહી પલઘડી, ગુરૂ સાચા દીન દયાળ. ૩

મયાદાસ મુજને મળ્યા, સમરથ સત્ય ગુરૂદેવ;
પલપલ કરૂ ગુરૂ બંદગી, કરૂ ગુરૂ ચરણુની સેવ. ૪
સતપુરૂષ સદ્દગુરૂ ધણી, ગુરૂ સેવકના સરદાર;
અધમ ઓધારણ આપ છો, ગુરૂ જગમાં તારણ હાર. ૫
અમદાવાદ રળિયામણુ, શહેર સકળ પ્રખ્યાત;
અમર ધામ વાસો વસ્યા, અમ સેવક જનના તાત. ૬
સાંકડી શેરી શોભી રહી, જ્યાં સંત પુરૂષનો વાસ;
સતસંગથી શાન્તિ મળે, ત્યાં પાવન થાયે દાસ. ૭
પ્રગટ પુરૂષ બીરાજીયા, સત્ય ગુરૂ સાહેબ કબીર;
સત્ય કાર્યાલય શોભતું. ઘણા સંત વસે સુરવીર. ૮

(લાવણી. દારૂ વીષે)

દારૂના દીવાના સુણો વિનંતી મ્હારી,
દારૂ તાડી પીને બનો નહી ભિખારી. ૧
દારૂ તાડી પીધે ભાન શરીરનું જાવે,
ખોટાં આળ ચડે ને ઈજત હલકી થાવે. ૨
દારૂના પીનારા મિથ્યા લવારો કરતા,
અંગ વસ્ત્ર ગુમાવી નગ્ન બનીને ફરતા. ૩
ઘેર બૈરી બિચારી ભૂખ થકી પીડાયે,
તોયે દારૂડીયાને આવે નહી રે દયાય. ૪
બે આના મજુરી આખા દિવસની કરતા,
કંઈ દર્દના બ્હાને પછી પીઠે સંચરતા. ૫
ભૂખ દારૂ પીવાથી સર્મ પછીના રહે છે,
વ્યેભિચાર ને ચોરી દારૂડીઓ કરે છે. ૬
ઘેર સગાં સબંધી મ્હેમાન મિત્ર કોઈ આવે,

બે રૂપીઆનો એક શિસો દારૂડીયા લાવે. ૭
મરઘી કે બકરાં જટ દારૂડીયા કાપે,
નીર્દોષ પ્રાણીને વિના વાંકે દુખ આપે. ૮
દારૂના અવગુણ કહેતાં પાર ના આવે,
કોઇ દારૂ ના પીસો લાલદાસ સમજાવે. ૧૦

(રાગઃ-જેવી કરે છે કરણી)

(પદ)

ચેતન સત્ય સ્વરૂપી, પ્રભુને શી રિતે રીઝાવું;
શરણે તમારે સ્વામી, કેવી તરહસે આવું.
આકાશે મેઘ ભડાકા, વિજળી તણા કડાકા;
સન્મૂખ તેરા હો સ્વામી, શું શંખ શબ્દ બજાવું.
તારા તણો ઉજાસ, વળી સાથે ચંદ્ર પ્રકાશ;
એક ઘીની જોત લઇને, પ્રભુને શી રીતે રીઝાવું.
લક્ષ્મી દેવી છે પાસ, નીસદીન બની છે દાસ;
ત્રાંબાના એક પૈસે, શી રીતે નાથ મનાવું.
લાલદાસની વિનંતી સ્વામિ, સુણો ઓ અંતરયામી;
બંદગી પ્રણામ કરીને, કાલાવાલાથી મનાવું.

(પદ)

છુટે ન માયાનો ફંદ, ગુરૂજી વિના છુટે ન માયાનો ફંદ.
ભવસાગરમાં બુડતાં તારે, પારખ પ્રકાશિ ગુરૂ સંત. (ગુરૂજી)
ત્રાસ મટે સબ સંત સંગતથી, હોત આનંદ આનંદ. (ગુરૂજી)
ગુરૂવચને હંસા સતપદમાં જાવે, નિર્મળ બને સહુ અંગ. (ગુરૂજી)
ત્રિલોકજન સહુ ગુરૂકે ચરણમાં અડસઠ તીર્થ અરૂ ગંગ. (ગુરૂજી)
શ્રીગુરૂ મયાદાસ ચરણે જાતાં, લાલદાસને આવે ઉમંગ. (ગુરૂજી)

૫૬.(દુનીયાને ઉંધા ચસ્મા ડાહ્યા દીવાના લાગે એ રાગ)

સુનો સુનો હો બંદે, બજાતા હૈ ગેબી નગારા;
શીરપે મૃત્યુ ખડા હૈ, ઉસને જગત સહારા. (ટેક)
કરતા હૈ કયા મેરા મેરા, યહાં હૈ કોઇ ન તેરા;
સબ છોડકે અપના ડેરા. યમદ્વાર પંથ પસારા. (સુનો)
અંજલીકા જૈસા પાની, યું જાન તેરી જીંદગાની;
સચ્ચી કરીલો કમાણી, બીરથા કયું ખોવે જન્મારા. (સુનો)
ગુરૂજીકા હૈ નામ ભારી, આખર સહાયકારી;
ફીરતા ફીરે કયોં અનારી, યેહ તન ભસ્મકી ધારા. (સુનો)
સુત માત પીતુ ભ્રાતા, સંગમે કોઇ ન જાતા;
ઉસ મોહમે સબ ફસાતા, શીર રખ્તે હૈ પાપભારા. (સુનો)
કુચ્છ ધર્મકા કામ કર લે, સામાન મૂક્તિકા ભરલે;
લાલદાસ તું ગુરૂ સમરલે, સબ છોડ મોહ વિચારા. (સુનો)

(રાગ ધુનનો)

કાસીવાસી દયાલા (કબીર હો કૃપાલા)
લહેર તળાવના લટકાળા (કબીર હો કૃપાલા)
સુલતાનને બોધ દેવાવાલા (કબીર હો કૃપાલા)
ચૈતન્ય પરખાવા વાલા (કબીર હો કૃપાલા)
સત્ય પદમાં રહેવાવાલા (કબીર હો કૃપાલા)
જડ બુદ્ધિ ખોવાવાલા (કબીર હો કૃપાલા)
ભક્તજનોને પ્રતિપાલા (કબીર હો કૃપાલા)
લાલદાસ જપે છે તુમમાલા (કબીર હો કૃપાલા)

પદ. (મેરે મૌલા બુલાલો મદીને મુજે એ રાગ.)

ગુરૂ જ્ઞાન વિના નહી મુક્તિ મળે
ગુરૂ કૃપા દ્રષ્ટિ થકી મોક્ષ મળે (ટેક)
સદ્દગુરૂના શબ્દ તો ત્રીવેદી તાપ નીવારતા
અહુંમ પદને અળગુ કરાવી અલ્પ જીવ ઓધારતા;
ગુરૂ મંત્રથી જમદૂત પાછા પડે. (ગુરૂ)
ગુરૂ ચંદન વૃક્ષ સમ બળતાની આગ હોલાવતા,
કલ્પીત વાંણી ખાંણીનું એ જલ્દી ઝેર ઉતારતા;
સત્ય નામ મળે ગુરૂ કૃપાવડે. (ગુરૂ)
સાચી સંગત સત્યનીં જે સંત સહુ શીર મોર છે,
સંતથી અળગા રહે તે જન હરાયા ઢોર છે;
માયા આવરણ સંત જનોથી ટળે. (ગુરૂ)
જેસળ રાજા જગતમાં એ જુલ્મી ઝાઝો કહાવીયો
સત્ય ગુરૂ પતાપથી ભવસાગરને એ તરી ગયો;
ગુરૂ વચનોથી તેજ પ્રકાશ મળે. (ગુરૂ)
સંતની સેવા થકી પાપો સમુળાં જાય છે,
ષટશાસ્ત્રોના સિધ્ધાંતમાં ગુરૂનાજ ગુણ ગવાય છે;
લાલદાસ કહે ચોરાસીનો ફેરો ટળે. (ગુરૂ)

પદ. રાગ કવ્વાલીનો

ધન્ય ધન્ય રે જેણે ગુરૂ ગુણગાયા.
ગુરૂ ગુણ ગાયા, તે નર જગમાં કમાયા. (ધન્ય)
ગુરૂ વિનાના નુગરા જે પ્રાણી,
જુગમાં આવી તેણે કરીશું કમાણી;
ગુરૂ મુકીને જેણે અન્યે નામ લીધું,

અમૃત મુકી ઝેર હળાહળ પીધું. (ધન)
ગુરૂ વિના નહી મુગતીની જુગ્તિ,
નરનારી ભાવે કરો ગુરૂજીની ભક્તી. (ધન)
ગુરૂ મયાદાસે ગુરૂગમ આપી,
લાલદાસે હ્રદયેમાં લઈ રાખી. (ધન)

(પદ, રાગ હીંચ)

ભાઇ ભાઈ રે સત નામ છે સાચું રે, ભાઈ છે સાચું;
સત્ય નામ વિના સહું કાચું, સત્યે નામ છે સાચુરે છે સાચું,
સત્ય નામ સ્મરણ જે કરે, તેનાં દરશન હું યાચું;
કલ્પીત મંત્રોના જાપ જપે છે, તેતો મીથ્યા દુઃખાડે ડાચુ (સત્ય)
અવર ઇશ્વરની આશા તજી, હરનીસ ચૈતનને યાચું;
આત્મા પરમાત્મા પ્રગટ પરખો, એમ ગુરૂ પુરેછે સાખુ(સત્ય)
પારખ ગુરૂથી પ્રિતી કરી, મુગતીનો ભરો ભાઈ ભાથુ;
મીથ્યાભિમાનને પરહરી, ગુરૂ ચરણે નમાવો માથું. (સત્ય)
મયાદાસ સાહેબ પારખ પ્રકાશી, એવા ગુરૂ હું જાચું;
જ્ઞાની ગુરૂ તરે ને તારે, લાલદાસ કહે છે સાચું. (સત્ય)

(પદ.)

આવો આવો પધારો સત્ય ગુરૂરાજ, પ્રેમના પુષ્પે વધાવીયે (ટેક)
નથી બેસવાને માટે મખમલની ગાદી, પ્રિતેથી પાથરી છે
પીછોડી સાદિ;
પ્રિતે પધારી દરશન ઘો મહારાજ, પ્રેમના પુષ્પે વધાવીયે. ૧
ગરીબ અવસ્થા તેથી અકળાઉં, સમજ ના પડે કેમ ગુરૂરીઝાવું
સ્નેહના સન્માને રાજી થાજો, મહારાજ પ્રેમના પુષ્પે વધાવીયે
ઘેલો ગાંડો હું પ્રભુ દાસ છું તમારો, ત્રિતાપ અગ્નિથી
દાસને ઉગારો;

ગુન્હા બક્ષો એ ગુરૂ ગરીબ નિવાજ, પ્રેમના પુષ્પે વધાવીયે ૩
સેવકના દોષ સહુ માફ કરીને, વિનંતી ઉરમાં દાસની ધરીને;
લાલદાસને દરશન દેજો ગુરૂરાજ, પ્રેમના પુષ્પે વધાવીયે. ૪

(૫૬.)

ગુરૂ પધાર્યા મારે આનંદની હેલી, દિવાળીનો દિન આજેરે લોલ.
પ્રેમી જનો સહુ આવો મારા વાલા, ગુરૂ વધાવાને કાજેરે લોલ.
કુમ કુમ કેશર અબીલ ગુલાલે, ગુરૂજીને વધાવો રે લોલ. ૩
સરવે સેવક સહુ ભેગા મળીને, ગુરૂની જય બોલાવોરે લોલ. ૪
આશા પાલવનાં તરીયાં તોરણ, મંડપમાં લટકાવો રે લોલ. ૫
મંડપમાં ગુરૂ ગાદી બનાવી, ગુરૂજીને પધરાવો રે લોલ. ૬
ગુલાબ ચમેલી ગલતોરાના હાર, ગુરૂને સોહાવો રે લોલ. ૭
સાહેબ કબીર સત્ય ગુરૂ સર્વેના, ગુરૂચરણ સહુ આવોરે લોલ ૮
ઠાકર જોડી લાલદાસ કહે છે, ગુરૂ ગુરૂ સહુ ગાવો રે લોલ. ૯

(૫૬)

મોંઘો મનુષ્યા દેહ આવીયો રે લાલ (ટેક)
સંતસેવાનો લ્યોને લ્હાવરે, અવસર આવો ફરી નહી મળેરે લાલ
સંત સેવાના મેવા મીઠડા રે લાલ,
જ્યાં ભૂખ લાગે ત્યાં ખાવરે (અવસર)
સાચુ સગપણ ગુરૂ સંતનુ રે લાલ, અન્ય ઠેકાણે શીદ જાવરે.
ખાવો પીવો ને ધન વાવરો રે લાલ,
અમીરસ પીવો અને પાવ રે (અવસર)
જગમાં આનંદ સત્સંગ છે રે લાલ, જ્ઞાનગંગામાં ભાઈ નાવરે.
સંત જપાવે સત્ય નામને રે લાલ,
લાલદાસ મળ્યો છે ઠીક દાવ રે. (અવસર)

૫૬. રાગ હીંચ

લાગે ઉપદેશ ના જરાય, મુરખને શું સમજાવું;
અવળા મારગ અથડાય, મુરખને શું સમજાવું. (ટેક)
અજ્ઞાની નર ઘણુ અંતરના અવળા, મોટમ થકી એ ફુલાય.
(મુરખને)
સુઘરી બંદરને બોધજ દેતાં, ઘર વિના એ ગભરાય. (મુરખને)
હંસે મુસકને લીધો પાંખોમાં, પાંખો ગઈ છે કપાઇ. (મુરખને)
કાગ બચ્ચાને વિદ્યા ભણાવો, કાગો પોપટ નહી થાય. (મુરખને)
લાલદાસને ગુરૂ મયાદાસ મળતાં, આનંદ ઉર ન સમાય. (મુરખને)

૫૬. રાગ હીંચનો

આવજો આવજો આવજો રે, આજે ગુરૂભજનમાં આવજો
ગુરૂ દરશનનો શુભ સંદેશો, સહુ સેવકને કહાવજો રે. (આજે)
કાંસી કીડતાલ ને તાલ તંબુરો, કીરતન ગાવા માટે લાવજો રે.
ભક્ત લોકો સહુ ભેળા મળીને, ભજનની ધુન મચાવજો રે. આજે
ગુરૂના નામની જય બોલાવી, તાલીનો તાલ મીલાવજો રે. આજે
મોહ મમતાનો ત્યાગ કરીને, સત્સંગનો રંગ ચઢાવજો રે. આજે
મનુસા દેહ દેવતાને છે દુર્લભ, ગુરૂના જ્ઞાને દીપાવજો રે. આજે
લાલદાસ કહે ગુરૂ પ્રતાપે, સત્યમાં સુરતા લગાવજો રે. આજે

(૫૬)

જ્ઞાન ગોળી વાગી મને સત્ય નામ લહે લાગી,
સુરતા જાગી મને સત્ય નામ લહે લાગી. (ટેક)
સદ્દગુરૂ મળીયા મુજને ત્યાગી, પારખ ગુરૂજી છે વૈરાગી;
દુભધા ભાગી મને સત્ય નામ લહે લાગી.

મનડું સદ્‌ગુરૂ સાથે મોહ્યું, સદ્‌ગુરૂ સંગે ચીતડું પ્રોયું;
પાપ સર્વ ધોયું મને સત્ય નામ લ્હે લાગી.
ગુરૂજી જ્ઞાનીજન છે પુરા, જ્ઞાનામૃતના શબ્દો મધુરા;
સંતમતીના ધીરા મને સત્ય નામ લ્હે લાગી.
યોગિ મુનિજન ગુરૂજી ચરણે, આવે સકલ તિર્થ ગુરૂ શરણે.
નિરખે નયને મને સત્ય નામ લ્હે લાગી.
ગુરૂજી મળીયા મથાદાસ, રાખુ સત્ય ગુરૂની આશ;
કહે લાલદાસ મને સત્ય નામ લ્હે લાગી.

(૫૬)

જે જન સુરા રે, તે તો સંત સમાગમ કરશે;
કાયર પૂરા રે, તે તો સંગતથી ડરશે. (ટેક)
સંત દ્રોહી જે પાપી પ્રાણી, તે સંતને સંતાપે;
ધુવડ સરખી ગતિ છે જેની, સંતને સુખ શું આપે. (જે જન)
ગદ્ધા ઉપાડે કાષ્ટ ચંદનને, સુગંધ તે શું પરખે;
ઉકરડે આરોટે જઇને, છાલાં ખાઈ મન હરખે. (જે જન)
કસ્તુરીની કિંમત પેલો, કાગ બચ્ચો શું જાણે;
ચાંદાં શોધી ચાંચો મારે, મિથ્યા સુખને માણે. (જે જન)
પારીજાતકની પુષ્પ સુગંધી, ગીંગાને ના ભાવે;
નજરે નિરખે નરક ગોતી કે, તરત દોડી જાવે. (જે જન)
સંત પુરૂષ કે સંત ગુરૂની, નિંદા કરે જે પ્રાણી;
કહે છે લાલદાસ તેવા જનની, જીંદગી ધુળધાણી. (જે જન)

(૫૬)

મટે નહી મનકી ભૂલ, ગુરૂજી વિના મટે નહી મનકી ભૂલ. (ટેક)
કાશી મથુરાં કે ગોમતી નાવો, મટે નહી માયાનો પૂલ. (ગુરૂજી)

ઋષિ નારદજી ત્રિકાળજ્ઞાની, ગુરૂ વિના ભાગી ન ભૂલ. (ગુરૂજી)
નેતી ધોતીના સાધન સાધે, પાવે ન વસ્તુ અનમૂલ. (ગુરૂજી)
મક્કા જાવે મથુરાંરે જાવે, તોહે ના મીલે રસુલ. (ગુરૂજી)
લાલદાસ કહે છે ગુરૂચરનમાં, તન મન ધન કરો સહુ કુલ.
(ગુરૂજી)

(૫૬)

અવસર જાય વહ્યો, ભજન વિના અવસર જાય વહ્યો (ટેક)
સંત સંગતમાં લાભ ના લીધો, મુરખો મોટમમાં રહ્યો;
લક્ષ ચોરાસીના અનેક જન્મમાં, જમડાનો માર સહ્યો. (ભજન)
જ્ઞાનકથામાં આળસ આવે, ભાંડ ભવૈને ચહ્યો;
બોજો સહે છે માયા લગડાનો, ગદ્ધે જેમ ભાર વહ્યો. (ભજન)
રાજ્યના કાજમાં હોળી મરીને, દેહને બહુ તો દહ્યો;
અંતવેળાયે આશા ત્યાં વાસા, પ્રેતનો જન્મ ગ્રહ્યો. (ભજન)
કોલકરારને વિસારી મેલ્યા, વચન અવસ્થા લહ્યો;
મયાદાસની ચરણકમળમાં, લાલદાસ લાગી રહ્યો. (ભજન)

(૫૬. રાગ-જનુની જીવોરે ગોપીચંદની)

(૫૬)

સમાગમ કરોને સુરા કોઈ સંતનો, ટળે તેથી તિમિર અજ્ઞાનજી
બંધન ટળે વાણી ખાંણીનાં, થાયે સત્ય પ્રકાશજી. (સમાગમ)
ગુરૂ વિના જ્ઞાન મળે નહી, ગુરૂ વિના મુક્તિ ના હોયજી;
જન્મોજન્મની જે વાસના, મૂળ સહિત ગુરૂ ખોયજી. (સમાગમ)
જેસલ જગનો ચોરટો, પલમાં કરી નાખ્યો પીરજી;
છોડાવ્યો ગુરૂએ મોહપાસથી, એવા ગુરૂ સમરથ સંતજી.
(સમાગમ)

સેવકના સહાયક સુરા સંત છે, ટાળે જમડાનો મારજી;
જગબંધનની તોડે વાસના, ઉતારે ભવપારજી. (સમાગમ)
સજનાએ કર્મો કુડાં કર્યાં, માર્યાં પ્રાણી અનેકજી;
સાન મળી સાચા સંતની, ગ્રહ્યો ગુરૂસેવાનો ટેકજી. (સમાગમ)
નિત્યે ભજો ગુરૂદેવને. ગુરૂ પુરે સેવકના કોડજી;
મયાદાસ સાહેબની મહેરથી, લાલદાસ વદે કર જોડજી.(સમાગમ)

(રાગ-ધુન)

ગુરૂ ભક્ત તણા પ્રતિપાળરે, નિત્ય વંદન કરી જપું માળરે (૧)
લેજો અંતવેળાયે સંભાળ રે, હું અલ્પમતિ છું બાળ રે. (૨)
ગુરૂ છો દીનબંધુ દયાળ રે, મારી છોડો મોહજંજાળ રે. (૩)
ભક્તોને લડાવ્યાં લાડ રે, સેવકના છો પ્રતિપાળ રે. (૪)
લાલદાસ ગુરૂનો બાળ રે, મયાદાસ ગુરૂ લ્યો સંભાળ રે. (૫)

(રાગ-આસો માસે શરદ પુનમની રાતજો)

(૫૬)

ગુરૂ વિના કેમ રહીયે શરીર સંસારમાં;
ગુરૂ ગ્રહી લે બુડતા સેવકની બાંહ્ય જો.
તરી ઉતરીયા ભવસાગરના નીરને;
જેને મળી છે સત્ય ગુરૂની સાહ્ય જો. (ગુરૂ)
ગુરૂ વિનાના પ્રાણી જાણે ભૂતડાં;
ફરે ભટકતા રહે વસુંધરા માંહી જો.
પ્રેત સ્વરૂપે પરજીવોને સતાવતા;
દયા વિનાના નિર્દય જન કહેવાય જો. (ગુરૂ)
કામી ક્રોધી લોભી લંપટને લાલચુ;
મિથ્યાભિમાની મોટાઈમાં કુટાય જો.

સંતસેવા સંતગુરૂ શરણુને પરહરી;
અંતવેળાયે યમના હાથ લુંટાય જો. (ગુરૂ)
લાડી વાડી ગાડી એ કામ ના આવશે;
કામ ના આવે ઘરેણાંઓના ઘાટ જો.
સુંદર દેહ દેખીને શું ફુલી રહ્યા;
કાયા જાશે સ્મશાન કેરી વાટ જો. (ગુરૂ)
જુવાની દિવાની છે દહાડા ચારની;
જોબનીયું જાતાં નહી લાગે વાર જો.
ગુરૂમયાદાસના ચરણેરે લાલદાસ બોલીયા;
સત્ય ગુરૂયે કીધી સેવકની સ્હાય જો. (ગુરૂ)

(૫૬)

પરદુઃખે દાઝનારા પ્રેમીજનો જે પુરા;
મૃત્યુ થકી ડરે ના રણમાં ચડે છે સુરા. (ટેક)
હરીશ્ચંદ વચનધારી, વેચ્યા છે પુત્રને નારી;
ડુમઘેર ભરીને પાણી, સત્ય ધર્મી ગણાયા સુરા. (પર)
પ્રલ્હાદ પ્રભુ સંભારે, લોહસ્થંભમાં તાત બાળે;
ગભરાયો નહી કો કાળે, બહાદુર બળવંત પુરા. (પર)
સગાળ સાધુને માટે, નિજ સુતનું શિર કાટે;
ભક્તિ કરી શિર સાટે, પરમાર્થમાં નહી અધુરા. (પર)
બંધન થકી ઉગારે, ચડે ગુરુ રંકની વારે;
મનુષ્ય જીવન સુધારે, લાલદાસ કહે તે સુરા. (પર)

(રાગ ધોળનો)

મોંઘો મનુષ્યા દેહ અવસર આવીયો
નકી એક દીન એ જાશે, પાછળ પસ્તાવો થાસે

કાયા રાખોડી થાસે, ગુરૂને સેવીએ (ટેક)
આવો લાખેણો અવસર ફરી નહી આવસે, જરૂર વાત લ્યો જાણી;
કરીલ્યો સાચી કમાણી, કાયા થાસે ધુળધાણી (ગુરૂને)
એકદિન અંતવેળાયે જવાનું એકલું, સંગમાં પુન્ય કે પાપ;
બંધન માયાનાં કાપ, જપજો અજંપા જાપ. (ગુરૂને)
પરની નારીની પ્રિત કદી ના કીજીયે, સુંદર હોય અલબેલી;
જાણો વિષની વેલી, મોહમમતાને મેલી. (ગુરૂને)
લાલદાસ ગુરૂજીના ચરણે, કરે છે વિનંતી.
કુડ કપટને તજીયે, સત્સંગ શણગાર સજીયે
સત્ય કબીરને ભજીયે (ગુરૂને સેવીયે)

(રાગ-નાગર વેલીયાં રોપાવ તારા રાજમહેલમાં)

(૫૬)

સત્ય ગુરૂજીના ગુણ ગાવા, સરવે ભાઇ આવોને (ટેક)
અંગનું આળસ સરવે ત્યાગી, ભજનની ધુન મચાવોને
ગુરૂના વચનપર ટેક ધારી, તેના નામને બલીહારી
સત્ય નામ છે સુખકારી, સરવે ભાઇ ગાવોને- (સત્ય)
કાયા પાણીનો પરપોટો, જેવો વાદળ કેરો ગોટો
ગુરૂનો મહીમા સૌથી મોટો, મમતા માન મુકાવોને-(સત્ય)
સત્ય ગુરૂ બંધી છોડ, પુરે નીજ સેવકના કોડ
સુરતા ગુરૂ ચરનમાં જોડ, ગુરૂજીને રીજાવોને-(સત્ય)
ગુરૂજી હંસજનોને તારે, આવ્યા જમડા પાછા વારે
રહોને ગુરૂજીના આધારે, લગની ખુબ લગાવોને-(સત્ય)
ગુરૂજી મળીયા મયાદાસ, પુરીછે લાલદાસની આશ.
ગુરૂનો સાચો છે વિશ્વાસ, સેવક કર રહાવોને ને-(સત્ય)

(રાગ માઢ)

જુવો પૈસા છે પ્યારા, લાગે છે સારા, પૈસો છે સર્વેનો દેવ.
રંકરાય કે ઠાકર ચાકર, કરે પૈસાની પ્રિત.
યોગીભોગી સહુ પૈસાને ચાહે, સહુંનું પૈસામાં ચિત્તરે, (જુવો)
ડાહ્યો હોય પણ નીર્ધન, જાણી વાત તેની ના મનાય
પૈસાદાર હોય જો ઘેલો, ડાહ્યો તે જગમાં જણાયરે (જુવો)
પૈસાથી હાથી પૈસાથી ઘોડા, પૈસાથી ઉંચા મહેલ
પૈસાથી ગાડી પૈસાથી વાડી, પૈસાથી થાયે સહેલરે (જુવો)
પૈસાથી નારી પૈસાથી સુખકારી, પૈસાથી સબકુછ હોય
પૈસાથી ભક્તિ પૈસાથી શક્તિ પૈસા સામું સહું જોયેરે (જુવો)
લક્ષ્મી દેવી તું મહેર કરીને, રહેજો સહુની પાસ
આશરો આપો જગત જનુની, કરજોડી કહે લાલદાસરે (જુવો)

(રાગ વનજારો)

પરનારી છે ઝેરી કટારી, ભાઇ કોઇ કરો નહી યારી (ટેક)
જેને વ્હાલી લાગે છે પરદારા, લાગે નારીના શબ્દો પ્યારા
તેની જીંદગી છે દુઃખકારી, ભાઈ કોઇ કરો નહી યારી (૧)
નારી પહેલાને પ્રેમ દેખાડે, ચંચળ ચક્ષુથી બીજાને ભાળે
પરનારી છે વિષની ક્યારી, ભાઇ કોઈ કરો નહી યારી (૨)
નારી સંગ રહે જે હરનીસ, ગયા રાવણનાં દશ શિષ
સાવ સોનાની લંકા બાળી, ભાઈ કોઈ કરો નહી યારી (૩)
જેને પરદારા મનભાવે, રાત્રે ઉંઘ જરા ન આવે.
થાયે ઉજાગરો અતી ભારી, કોઇ કરો નહી યારી (૪)
અંતે નારી બનાવે ખુવાર, અન્ય પુરૂષથી રમે જાદ
પરનારીની પ્રિત નઠારી, ભાઇ કોઇ કરો નહી યારી (૫)

કરગરી કહે લાલદાસ, નારી કરાવે પ્રાણુનો નાશ.
બળવંતા ઘણા ગયા હારી, ભાઈ કોઈ કરો નહી યારી (૬)

ચૈતન્ય ધર્મ વિષે

(પદ રાગ-ભેરવી)

ચૈતન્ય ધર્મકા ડંકા આલમમે, બજવાયા મયાદાસ સાહેબને
સત્ય નામ મહામંત્ર શીખવાયા સત્ય ગુરૂ મયાદાસ સાહેબને ૧
મિથ્યા કલ્પીત વાણી દુર કરી, સત્ય ગુરૂમુખ વાણી સર કરી
પારખપદ પરચા પરખાયા, સત્ય ગુરૂ મયાદાસ સાહેબને ૨
સંતસુબોધ પારખ પ્રકાસ કરી, વાણી ખાંણીનાં બંધન દુર કરી
સહુ ભ્રમકા ભંડા મીટવાયા, સત્ય ગુરૂ મયાદાસ સાહેબને ૩
બહુ જગતજનોના મોહ હર્યા, સત્ય ગુરૂએ જ્ઞાનભંડાર ભર્યા
એક ચૈતન માલીક બતલાયા, સંત ગુરૂ મયાદાસ સાહેબને ૪
સત સમરથ સમશેર કર ધરીને, ભ્રમ અનુમાન સૌ દુર કરીને
ચૈતન ધર્મકા પ્રકાશ ફેલાયા, સત્ય ગુરૂ મયાદાસ સાહેબને ૫
સંત ગુરૂદેવે બહુ કૃપા કરી, રંક સેવકની ઉરદાજ ધરી
લાલદાસને સત્ય પંથ બતલાયા, સત્ય ગુરૂ મયાદાસ સાહેબને ૬

(પદ)

દીન દાસકો ગુરૂજી અપના ચરણ બુલાલો
ભવસીંધુ હે ગુરૂ ભારે કૃપા કરી બચાલો (ટેક)
તુમ બીન કૌન ઉગારે, તુમરી હૈ આશ ભારે;
દર્શન દીખાકે પ્યારે, પરદા અભી ઉઠાલો (દીન)
તુમારા વિરહ સતાવે, નહી નીંદ નયેનુમાં આવે
ખાના પીના નહી ભાવે, તુમરી સુરત લગાયે (દીન)

દુનિયા સબી મેં જોઈ, સબ યાર મતલબકે હોઈ;
તુમબીન ઔર ન કોઈ, નીજદાસકુ સરન બુલાલો (દીન)
મયાદાસ ગુરુ સોહાગી, દુનિયાકી હવાકો ત્યાગી;
લાલદાસકુ લગન લાગી, સત્ય પદે લગાલો (દીન)

(પદ રાગ-તુને મળ્યો મનુષ્ય અવતાર માંડ કરીને)

ભાઇ એકદીન જાવુ જરૂર, ગર્વ કરે શાનો;
સહુ સમરોને સત્ય ગુરુદેવ, તજી તોફાન,
રાખો સત્ય નામ આધાર (ટેક)
કાયા વાડી તે કાચનો કુંપો, ફુટતાં નહી લાગે વાર;
મસાણ ભૂમીમાં પુળો મુકાતાં, બળી થશે અંગાર,
જગતજન જાણો (ભાઈ)
જમડા આવે જીવ લેવા, ત્યારે કોઈનું ના ચાલે જોર;
જાગી શકાય તો જાગો ઓ વીરા, ઉંડો થયું છે ભોર,
સાચુ માનો (ભાઈ)
માત તાત ભ્રાત સંગના આવે, સંગના આવે કોઈ સુત;
ગુરુ વિનાના નુગરા પ્રાણી, અંતે થાવાના ભૂત;
બીવાડે શાનો (ભાઈ)
કુડાં કર્મો ભોગવવા પડશે, મીથ્યા ન થાયે લગાર;
સંત પુરૂષની સેવા કરી લ્યો, તેથી બચે જમ માર,
વચન સત્ય માનો (ભાઈ)
ગુરુ મયાદાસ લાલદાસને મળીયા, સદ્ગુરુ દીન દયાળ;
દયાળુ ગુરુયે દયા કરીને, ભાગી ભવની જંજાળ,
ઉદય થયો ભાનો (ભાઈ)

(આરતી)

જય સત ગુરુ દેવા, ગુરુ જય સત્ય ગુરુ દેવા;
આરતી કરૂ ગુરુજીની, સુંદીર સુખ લેવા જય૦
પ્રથમ બંદગી કરૂ ગુરુજીને, ઓર સકળ દેવા. (૨)
સંત પુરૂષ સુખ સાગર. પ્રેમે કરૂ સેવા જય૦
અડસઠ તીરથ ગુરુજીના ચરણે, ગંગા યમુના રેવા. (૨)
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર કરે ગુરુજીની સેવા જય૦
તરણ તારણ સત્ય ગુરુજી, કહાવે જ્ઞાન તણા મેવા. (૨)
ગુરુ ચરણ સહુ જાવે, રામ કૃષ્ણ જેવા જય૦
પ્રિતે પખાળો પાયે, ગુરુના ચરણામૃત લેવા. (૨)
મયાદાસ ચરણે, લાલદાસ પામે સુખ મેવા જય૦

(ગુરૂ સ્તુતી)

ધ્યાન ગુરૂનું ધરીયે, ભાવે ભજીયે સત્ય નામ;
સત્યનામ સત્યનામ રે,
ભાવે ભજીયે સત્ય નામ, અંતવેળાયે આવે કામ. (ટેક)
ગુરૂ ગુણનો મહીમા મોટો, જગમાં જેનો ના મળે જોટો.
સ્હાય જેને સત્ય ગુરૂની, તેનાં સુધરે કામ કામ. (ધ્યાન)
સત્યગુરૂજી સુખના સાગર, સાયકને આપે ઉજાગર;
સંત સમાગમ કરીને, પામો મુક્તિ ધામ ધામ. (ધ્યાન)
લાલદાસે ગુરૂશું પ્રિતી જોડી. સંસારીની આશા છોડી;
હરદમ સંભાળે, સાહેબ મયાદાસનું નામ નામ. (ધ્યાન)

(પદ. રાગ હરીવેણા વાય છે રે હો વનમાં)

ચાલો સત્યગુરૂનારે ગુણગાવા, સંસારના છોડી કાવાદાવા.(ચાલો)
મોંઘો મળ્યો મનુષ દેહ સારો, ગુરૂ કરીને મનખો સુધારો ,,

ગુરૂ વિના નુગરા જે પ્રાણી, જીંદગી થઇ તેની ધુળધાણી ,,
ગુરૂ ઉપર જે તનમન વારે, ગુરૂ બગડેલો મનખો સુધારે ,,
રામચંદ્ર કૃષ્ણજીના જેવા આધીન થઈ કરે ગુરૂજીની સેવા ,,
મયાદાસને ચરણે રહે છે, લાલદાસ અરજ કહે છે. ,,

(૫૬.)

વાગીરે કટારી મને પ્રેમની, ઉતરી ગઇ રૂદીયા માંહીજી.
વેદના વધીરે મારા અંગમાં, ખટકે બહુ તનમાંયજી. (વાગીરે)
સદગુરૂએ સર સાંધીને, માર્યાં પ્રેમનાં બાણજી;
ભાન ગયું મુજ અંગનું, વસમુ બાણ ગુરૂ જ્ઞાનજી. (વાગીરે)
વેર અગન જાગી અંગમાં, તપી ઉઠયું મારૂ તનજી:
સંસાર સુખ ગમતુ નથી, ચોટયું ગુરૂ સાથે મનજી. (વાગીરે)
ટાંકી કસીરે નથી લાગતી, સાની કરૂ હું દવાયજી;
અજાણ્યા શું જાણે મર્મ વેદના, અનુભવી જાણે ઉપાયજી,(વાગીરે)
લાગી લગન ગુરૂદેવની, જેમ ચકોરને ચંદ્રજી;
પૃથ્વી પળ્યુ જળ ના વાપરે, અંત્રીક્ષનું પીયે નીરજી. (વાગીરે)
ચહેન પડે નહી મુજને, મંદીર ખાવાને ધાયજી;
નીદ્રા ન આવે મારા નયેનુમાં વિચારમાંહી વાંણુવાયજી.(વાગીરે)
પ્રિત હસેરે મારે પુર્વની, ગુરૂજી મળ્યા મયાદાસજી;
બાંહયે ગ્રહી છે લાલદાસની, આપ્યો ચરણમાં વાસજી (વાગીરે)

(૫૬.)

વૃથા મનુષ ધરી દેહ, ભજન બીના વૃથા મનુષ ધરી દેહ;
સત્ય દયા ક્ષમા ધીરજ નહી જેને, માનવ જીવન ધીક તેહ.
મનુષ દેહ થકી સત્સંગ નહી કીનો, જનુનીને સીદ દીધો છેહ.ભ૦
કાયા કરમાતા વાર નહી લાગે, ઉડી જાય જાકળ મેહ.(ભજન)

સીંગ વિનાનાં ઢોર સમજવાં, સત્સંગ વીના નર જેહ. (ભજન)
લાલદાસ કહે છે ગુરૂ પ્રતાપથી, રાખો ગુરૂ સંગે નેહ. (ભજન)

(૫૬)

જાગ્રત થાને પ્રાણીયા, જોને આંખ ઉઘાડી;
આળસ કરી શું ઉંઘી રહ્યો, ભેલાય જાય કાયાવાડી, (ટેક.)
મહેલ મંદી માળીયાં, સુંદર ગોખ અટારી;
કામ એ કંઈ ના આવસે, જ્યારે આવે યમની સ્વારી. જાગ્રત૦
યુવાની જસેને જરા આવસે, ભરાશે દમનો ગોટો;
કાયાનો કુપ છે કાચનો, ફુટે જેમ દારૂનો ટોટો જાગ્રત૦
બાલાપણું ગયુ હાંસી ખેલમાં, કર્યો યુવાનીયે દાવો;
સદ્‌ગુરુ સંતને પરહરી, લીધો યુવંતી શુ લ્હાવો. જાગ્રત૦
શ્વાસો શ્વાસ રૂંધાઈ જશે, નસો નાડી ખેંચાશે;
આશાનો ભરેલો પ્રાણીયો, સરવે મુકી ચાલ્યો જાસે. જાગ્રત૦
હું પદને અળગુ કરી, ગ્રહો ગુરુ જ્ઞાન કટારી;
ગુરુજી મયાદાસ નામને, લાલદાસ જાયે બલીહારી. જાગ્રત૦

(ભજન) રાગ–ચાલો ડાકોરમાં જઈ વસીયે.)

મારે એરે પુરૂષનું કામ છે, ગુરૂનું સાહેબ મયાદાસ નામ છેરે.
અમદાવાદના મધ્ય ભાગે, સાંકડી શેરી શુભ ઠામ છેરે. (મારે)
કબીર મંદિર છે સત્ય ગુરૂનું, અમર ધામ મુકામ છેરે. (મારે)
સાહેબ કબીર ત્યાં પ્રગટ બીરાજે, સંતતણો વિશ્રામ છેરે (મારે)
સંત પુરૂષના નીત્ય સત્સંગથી, આનંદ આઠે જામ છેરે (મારે)
સાચી સેવા છે સંત ગુરૂની, સમરણ વસ્તુ સત્ય નામછેરે (મારે)
ગુરૂ ચરણે લાલદાસ કહે છે, ગુરૂ ભજવાની મુને હામછેરે (મારે)

(ભજન-રાગ ક્ષત્રી કલંક)

રંક સેવકપર કરી મ્હેર, ગુરૂજી મારી વ્હારે ધાજોરે
સેવક કહે છે સાચી પેર. (ગુ)
મુને સાચો તમારો આધાર. ભવસાગરથી ઉતારે પાર. (ગુ)
તમવિયોગે રહુ છું ઉદાસ. ગુરૂ રાખો ચરણની પાસ. (ગુ)
ગુરૂ વિના હું એકલો બાળ. ગુરૂ વેગે કરો સંભાળ. (ગુ)
ગુરૂ વિના ગમે નહી લગાર. મારી આંખે આંસુડાની ધાર. (ગુ)
મયાદાસ ગુરુ બંધી છોડ. લાલદાસ કહે છે કરજોડ. (ગુ)

(ભજન રાગ સારંગ)

સંસાર છોડી એકદીન એકલા જાવું. (ટેક)
ગુરૂનુ નામ મારે સાકર સરીખડું, સેલડીથી તો ઘણું સારૂં;
ગુરૂ મળે તો મને જ્ઞાન બતાવે, હું તો આપે અક્કલ કયાંથી લાવું. (સં૦)
પોતાનું ધન ગાંઠે બાંધવુંને, પારકુ બળ કરી ખાવું;
તેમાં વ્હાલોમારો રાજીનથી ભાઈ, એતો હાથેથી હલકા થાવું (સં૦)
સઘળું કુટુંબ તારૂ ટોળે મરી બેઠુ, ચૌદીસથીરે નીહાળું;
તેમાંથી તો કોઇ નથી તારૂ, પ્રભુ સંભાળજો મારી રાહુ (સં૦)
આ કાયા તો મહાજળ ઉંડું, એથી ઉંડામાં સમાઉં;
આ કાયાને ડાઘ લાગે ત્યારે, ધુળ ભેગુ ધુળ થાઉં (સં૦)
નૈણાંમાંતો તમો નીરખો નાથને, તલ જેટલું નથી તારૂં;
ભોજો ભગત કહે ગુરૂ ભજીલો, મારો પ્રભુ તેડે ત્યારે જાવું (સં૦)

(ભજન)
(રાગ-શામેરી)

પારખ પ્રકાશી સાચા સત્ય ગુરૂ મળીયારેજી
સત્ય ગુરૂ સત્ય પરખાવન હાર (ટેક)

ગુરૂગમ આવીરે માયા આવરણ દુર કર્યુંરેજી.
ગુરૂજીના ગુણનો ના'વે પાર. (પારખ)
અનુભવી રૂપીરે ભાનુ પ્રગટાવીયોરે જી.
ચૈતનપદનો ભેદ બતાવ્યો અપાર. (પારખ)
ગુરૂગમ કુંચીરે દીધી ગુરૂએ કરૂણા કરીરેજી
મોહ નીંદ્રાથી દુર કર્યાં નરનાર. (પારખ)
લાલદાસ કહે છે રે સત્ય ગુરૂની વીનંતીરે
સત્ય ગુરૂ સાહેબ મયાદાસે કીધિ છે વાર (પારખ)

(ભજન)

ગુરૂજી મેરા અવગુણ ચિત્ત ના ધરો;
મૈ અપરાધીશું ખલકામી, દુર્ગુણ બહુત ભર્યો (ગુરૂજી)
ભવસાગર હૈ નીર અપાર, કુબત દાસ તુમારો. ,,
તુમહો દયાળુ કરૂણાકે સાગર, દુઃખસે પાર કરો ,,
મન મસ્તાન કબહુ ન માને, જૈસે ફીરતે બનરો ,,
દાઉ કરજોડી બીનતી કરતહુ, આપકે શરણે પર્યો ,,
ગુરૂ મયાદાસકે ચરણકમળમાં, કબહુન હોય પરો ,,

(રાગ–ધોળ)

ભલે પધાર્યા ગુરૂ આંગણે સાહેલીરે
થઈ છે લીલાલહેર આનંદ વધ્યો અંગમાં સાહેલીરે
કંકુ કેશરના છાંટણા સાહેલીરે
અબીલના અંબાર ગુલાલ મહી સંગમાં સાહેલીરે
ડમરો મરવો કેવડો સાહેલીરે
ગલ તોરાના હાર સોભે ગુરૂ અંગમાં સાહેલીરે
પટકુળ પીતાંબર શોભતાં સાહેલીરે
પાઘ શોભે અથાગ સ્વેત શુભ રંગમાં સાહેલીરે

રત્ન બાજઠીયો ઢાળીયો સાહેલીરે
દેખીને આનંદ થાય શોભે સત્ય રંગમાં સાહેલીરે

ધુપ કપુરની આરતી સાહેલીરે
ચંદનનો સુવાસ અંતર છે સંગમાં સાહેલીરે

તાલ પખાજને બંસરી સાહેલીરે
દીસે મધુરા રાગ સરહેયો સંગમાં સાહેલીરે

દયા સાગર મયાદાસછો સાહેલીરે
લાલદાસને રાખો ચરણુ માંહીરે સાહેલીરે

(ભજન)

(રાગ–માંધો મનખો મેલીને એકદીન જાવું જરૂર)

અમી રસની કરને રંગરેલરે,
જંજાળી જીવડા માયા મમતાનું છોડી મેલરે. (ટેક)

કાચી માટીની તારી કાયા બની છે,
બંદા હંસો જશેને થશે ભેલરે. (જંજાળી)

મનુષ્યારે દેહનો અવસર આવ્યો,
બંદા સત્યનાં ભાથાં તું ભરી મેલરે (જંજાળી)

કાચી છે કાયાને જુઠી છે માયા,
બંદા જેવોરે વાદીનો જુઠો ખેલરે (જંજાળી)

વિષય વાસના અળગીરે રાખો,
બંદા નારી છે દુઃખડાં કેરી હેલરે (જંજાળી)

ગુરૂ મયાદાસ ચરણે લાલદાસ કહે છે,
બંદા એક દીન સ્વર્ગ કેરી સ્હેલરે. (જંજાળી)

(ભજન)

પરનારી દુઃખડાં કેરી હેલરે, ઓ વીરા મારા (૨)
જુવાની દીવાની તારી કાલે જતી રહેશે બંદા
પાછળથી થવાનું ઠેલા ઠેલરે (ઓ વીરા) (ટેક)

વરણાગીની માંહી વાંકો હીંડે છે, બંદા
હૃદયમાં વીષયની રેલારેલરે (ઓ વીરા)
ધાડ કુતીને ધન ભેળું બહુ કીધું બંદા,
પાપ તણીતો ભરી હેલરે (ઓ વીરા
પરનારી સંગમાં તુતો ડોલે મદમાતો બંદા,
જમડા પીલીને કરશે તેલરે (ઓ વીરા)
લાલદાસ કહે ગુરૂ મયાદાસ ચરણે બંદા,
પરનારી પરધન તુંતો મેલરે (ઓ વીરા)

(રાગ ધોળનો)

સુજની અવસરને આવ્યો મોંઘામુલનો;
એને વીતી જતાં નહી લાગે વારરે,
આળસને ત્યાગી હેતે ને પ્રીતે ભજો નામને. (ટેક)
જેવી ભરતી ચડે છે સમુદ્રમાં,
એને સમાતાં નહી લાગે વારરે (આળસને)
સુજની સંધ્યાનો રંગ રળીયામણો,
તેને વીતી જતાં નહી લાગે વારરે (આળસને)
સુજની સત્ય ચાલોને સત્ય બોલજો,
નહીતો ખાસો જમડા કેરો મારરે (આળસને)
મૃઘ અજ્ઞાની ચાલે વસ્તુ સોધંતો
નક્કી કસ્તુરી છે એની પાસરે (આળસને)
સુજની લાલદાસની આ છે વિનતી
ચાખો અમી સુધારસ પાનરે (આળસને)

(રાગ-ધોળ)

ભવદરીયેથી બચાવોરે સત્ય ગુરૂ દાતા;
દાસની દયા લાવોરે, સત્ય ગુરૂ દાતા, (૧)

ગુરૂજી મને સંસારી સુખ નથી ગમતું;
તમ સાથે મનડું ભમતુંરે, સત્ય ગુરૂ દાતા; (૨)
ગુરૂજી મને જ્ઞાનનો મંત્ર સુણાવો;
મને માયાથી છોડાવોરે, સત્ય ગુરૂ દાતા, (૩)
ગુરૂજી મને પ્રેમ ફકીરી પહેરાવો;
સત્યનો શણગાર સજાવોરે, સત્ય ગુરૂ દાતા. (૪)
ગુરૂજી સત્ય નામનો સ્વાદ ચખાડો;
વાણીખાંણીનાં બંધન મટાડોરે સત્ય ગુરૂ દાતા. (૫)
ગુરૂજી લાલદાસ રહ્યો છે એવું માગી;
મુને ગુરૂની માયા લાગીરે, સત્ય ગુરૂ દાતા. (૬)

(રાગ–ધોળ)

મારા મંદીરે આજ પ્રભુજી પધાર્યારે;
દાવાનળના તાપતે સઘળા નીવાર્યારે. (ટેક)
મારૂ મનતો સદગુરૂ સાથે મોહ્યુંરે;
ઘણા દીવસના વિયોગનું દુ:ખ ખોયુંરે, (મારા)
ગુરૂજી મારે તનમન ધન હુંતો વારૂરે;
સત્ય નામ સ્મરણ લાગે અતી પ્યારૂરે. (મારા)
પારખ નીસ્ટ સંતને જોઈ મન હરખ્યુંરે;
ગુરૂ કૃપાથી સ્વયં સ્વરૂપ પ્રેમે નીરખ્યુંરે. (મારા)
આજ મારે આનંદની દીવાળીરે;
ગુરૂજીએ ભવની ભરમણા ટાળીરે. (મારા)
ગુરૂજીને મળતાં આનંદની હેલીરે;
મયાદાસ ગુરૂની મ્હેર હમારા બેલીરે. (મારા)
દરસનથી દુ:ખ જાય ટળે ચોરાસીરે;
લાલદાસની કીધી સહાય, મટી ભ્રમ ફાંસીરે. (મારા)

(કર્કસા નારીનું વર્ણન. રાગ પરજીયો) (પદ)

હાયહાયરે છે જીંદગી દુઃખીયારી;
છે જીંદગી દુઃખીયારી, જેને મળે કભારજા નાળીરે હાય. (ટેક)

ફુટેલ કાન્તા મદન થઈ ડોલે, મુખે કટુ વચન બહુ બોલે;
માને સહુને તરણાને તોલેરે હાય. (હાયરે)

કંથ સાથે કરે કલેશનો દાવો, ભલે પંડિત જ્ઞાની કે હોય બાવો;
નક્કિ કરે એ ખોટા બનાવોરે હાય— (હાયરે)

એનાં સાસરીયાં સુલી જેવાં ધારે, નીંદા કરે ભાઈ બાપ મળે ત્યારે
પછી કહેકે એતો મરે કયારેરે હાય— (હાયરે)

કંથને કુટુંબથી દુર તો રખાવે, ગપ વાતો કહિને ભરમાવે
પછી પોતે મહિયેરમાં સીધાવેરે હાય— (હાયરે)

સારી શિખામણ કોઈ દેવા જાય, તેને હાવ કરી કરડવાને ધાય
સળગી ઉઠે ક્રોધની અંગ લ્હાયરે હાય-- (હાયરે)

માયા જેવાં એ નખરાં કરતી, ધણીની ધાક જરા ન ધરતી
મન ફાવે ત્યાં ભટકયા કરતીરે હાય-- (હાયરે)

ખોટા લક્ષણે પતી એને મારે, છાના પત્રો લખે છે પીયેર ત્યારે
પછી બીજા ઠેકાણે જવું ધારેરે હાય-- (હાયરે)

એવી સંખણી મળે છે જેને નારી, તેની જીંદગી જોખમકારી
લાલદાસ કહે લેજો સુધારીરે હાય— (હાયરે)

(રાગ-હીંચ પદ)

ગુરૂ આવો આ રંકને બચાંવો, દયા આ દીન દાસપે કરો
સ્હાવો સ્હાવો સેવક કર સ્હાવો, વિનંતી આ ઉરમાં ધરો (ટેક)

આદીતે અલબેલડા, અમઘેર આવો આજ;
વિરહથી ઘેલો બની હુંતો તલસું ગુરૂજીની કાજરે (દયા)

સોમવારે સંદેશડા, સુંણજો ગરીબ નીવાજ;
માફ કરી મમભૂલને, શરણાગતની રાખો તમે લાજરે (દયા)

મંગળે મનડું માહેરૂ, મહેર ગુરૂની ચ્હાય;
સંસાર સુખને દુર કરી, સત્ય ગુરૂજીના ગુણગાયરે (દયા)
બુધે બંધન માહેરાં, તમો હરજો બંધી છોડ;
બળવંતા બહુનામી છો, ગુરૂ પુરો સેવકના કોડરે (દયા)
ગુરૂવારે ગુરૂ જ્ઞાનથી, આવી સુધને શાન;
સત્ય ગુરૂના શબ્દથી, સત્ય નામનું થયું છે મને ભાનરે (દયા)
શુક્રવારે સાહેબજી સમરથ સદ્‌ગુરૂ દેવ;
પલપલ કરૂ ગુરૂ બંદગી, કરૂ ગુરૂ ચરણની સેવરે (દયા)
શનિયે સત્યગુરૂ શરણી, સમરથ સરજન હાર;
કસ્ટો હરો દીન દાસનાં, સત્ય ગુરૂ ઉતારે ભવપારરે (દયા)
મહાસમરથ મયાદાસજી, સાહેબ સાચા દેવ;
લાલદાસ કહે શીરનામીને, જય જય જય ગુરૂ દેવરે. (દયા)

(ભજન)

મારા વિરાજી હો લાલ, પારખને પ્રકાશી સત્ય ગુરૂદેવ મળ્યારેજી;
એતો ચૈતન્ય ધર્મ આચારી હો લાલ. (ટેક)
મારા વીરાજી હો લાલ, બળતાંને બચાવ્યાં ત્રિવેદીના તાપથીરેજી;
ગુરૂએ બચાવ્યા જમના માર હો લાલ. (પારખ)
મારા વીરાજી હો લાલ, માયાનું તિમિર રે સદ્‌ગુરૂએ દુર કર્યુંરેજી;
મોહનિંદ્રાથી મુક્ત કર્યાં નરનાર હો લાલ. (પારખ)
મારા વીરાજી હો લાલ, કલિપતને વાણીનાં ગુરૂએ બંધન કાપીયાંરેજી;
કર્યો ચૈતન્ય ધર્મતણો પ્રકાશ હો લાલ. (પારખ)
મારા વીરાજી હો લાલ; સાંકડીને શેરીરે શહેર અમદાવાદનીરેજી;
સત્ય કબીર અમર ત્યાં છે ધામ હો લાલ. (પારખ)
મારા વીરાજી હો લાલ, મયાદાસ સાહેબ ગુરૂનું નામ છે રે જી;
સત્ય કબીર તારણહાર સંત હો લાલ. (પારખ)

મારા વીરાજી હો લાલ, દો કરને જોડીરે લાલદાસ બોલીયારેજી;
ગુરૂ નૈયા ઉતારો ભવપાર હો લાલ. (પારખ)

(ભજન)

ગુરૂના ગુણ ગાવા આજ પ્રેમીજન આવોને;
ગુરૂને રીઝાવા કાજ પ્રેમીજન આવોને.
રવિવારે વાત હૃદય વિચારો, મળ્યો મનુષ દેહ સારો;
તરવાનો આવ્યો વારો આજ. (પ્રેમીજન)
સોમવારે શરણ ગુરૂનું માગો, પ્રીતે ગુરૂને પાય લાગો;
પાપોથી દુર ભાગો આજ. (પ્રેમીજન)
મંગળવારે મોહ માયાનો ટાળો, ગુરૂ સંગ લગની લગાડો;
ચૈતન્યને નિહાળો આજ. (પ્રેમીજન)
બુધે બાંહ્ય બળવંતાની ઝાલો, ગુરૂજ્ઞાનનો ગ્રહો ભાલો;
સંતોની સંગ ચાલો આજ. (પ્રેમીજન)
ગુરૂવારે ઘેર ગુરૂ બોલાવો, ચરણે શિર ઝુકાવો;
લેવાનો આવ્યો લ્હાવો આજ. (પ્રેમીજન)
શુક્રવારે સંત સાહેબને મળીયે, પુન્યેના પંથે વળીયે;
સત્સંગમાં ભળીયે આજ. (પ્રેમીજન)
શનીચે સત્સંગ આનંદની હેલી, થયા મયાદાસ ગુરૂ બેલી;
લાલદાસે રંગ રેલી આજ. (પ્રેમીજન)

(ભજન રાગ કાફી)

સાચા સત્ય ગુરૂ મળીયારે, સંશય સરવે ગયા છે ટળી;
ભ્રાંતિ સરવે ભાગીરે, ગુરૂની કૃપા ઘણી તો મળી. (ટેક)
બુદ્ધિ બંદુક મને ગુરૂયે દીધી, કર્યો બહુ ઉપકાર;
જ્ઞાનરૂપી મને ગોળી મારી, ભાગ્યો વિષય વિકાર;
સુરતા ગુરૂ સંગે લાગીરે, વિસારૂ નહી પલ ઘડી. (સાચા)
ગુરૂગમ કુંચી મુજને મળી, એ સરવે ગુરૂની મ્હેર;

ગુરૂગમ ઘટમાં ઉતારતાં, ચડી ગઈ પ્રેમની લ્હેર;
પ્રેમની પીડા જાગીરે, ગુરૂની કળા ના જાયે કળી. (સાચા)

પ્રેમનો પ્યાલો ગુરૂએ પાયો, સત્સંગમાં લગાડયું ભાન;
ચૈતન્ય પદની પીછાન કરાવી, સાન આપી કર્યું જ્ઞાન;
અમર મંત્ર સુણાવ્યોરે, સત્યમાં સુરતા ગઈ છે વળી. (સાચા)

બંધનમુક્ત કર્યાં માહારા, વાણી ખાણીનાં અપાર;
કલ્પિત ઈશ્વરની માનંદી છોડાવી, કરાવ્યો સત્ય પંથ પ્રચાર;
સમરથ ગુરૂની સ્હાયેરે, પ્રાયશ્ચિત સર્વે ગયાં છે બળી. (સાચા)

મયાદાસ ગુરૂ પ્રતાપથી, કરજોડી કહે છે લાલદાસ;
તિમિર હતુ તે ટળી ગયું, થયો જ્ઞાનતણો પ્રકાશ;
નિત્ય ગુરૂ દરશન માગુંરે, પાયે લાગુ લળી તે લળી. (સાચા)

(ગુરૂને પ્રાર્થના)

કૃપા સીંધુ ગુરૂ દેવા, સુનો અરજ મોરી;
સુનો અરજ મોરી, ગુરૂજી કહું કર જોરી. (કૃપા)

તુમહો સહાય મેરા, રખો લાજ મોરી;
તુમ બીન ઔર ન કોઈ, શરણમે હું તોરી. (કૃપા)

ગુરૂ મેંતો બહોત અનારી, મુજ મતી થોરી;
ગુરૂજી સ્વીકારી લેજો, વિનંતી આ મોરી. (કૃપા)

નહી ચહીયે મિત્ર નારી, એ હય મતલબકે યારી;
સગાંકુટુંબ સુત સર્વે, હોત દગા ખોરી. (કૃપા)

સત્ય ગુરૂજી મયાદાસ, રાખો તુમ ચરનકી પાસ;
લાલદાસકી આવન જાવન, તુમ હાથ દોરી. (કૃપા)

(ભજન)

સત્ય નામ બોલો રે ગુરૂ નામ બોલો;
કપટ કાઢી અંતરપટ ખોલો. હાંરે (ટેક)

નથી લેતો જે ગુરૂજીનું નામ; તેની જીભે દેવો ઘટે છે ડામ. (હાંરે)

લુચ્ચો લલના દેખીને લોભાય; તેથી નર્કતણો વાસી થાય. (હાંરે)
મીઠા લાગ્યા માયાના તને મેવા;તુંતો ભૂલ્યો સંતોતણી સેવા.(હાંરે)
તુંતો દેખી લોભાયો ધન માલ; માથે મોટુ મરણનું સાલ. (હાંરે)
તને વાલી લાગે છે પરદારા; જમ આંખોમે ઘાલસે અંગારા. (હાંરે)
લાલદાસના ગુરૂને બલીહારી;મયાદાસ સાહેબે લીધો તારી.(હાંરે)

(પદ. રાગ ગરૂડે ચડી આવજો ગિરધારી)

અરજ ઉર ધારજો ગુરૂદેવા, વાલી લાગે તમારી સેવા (ટેક)
સત્ય નામતણા ગુરૂ રસીયા, મારા મનમંદિરમાં વસીયા;
ગુરૂભક્તો તણી વારે ધસીયા. (અરજ)
ઘણા ભક્તજનોને ઉગાર્યા, માયા આવરણના બંધ નિવાર્યા;
સાચા સત્ય ગુરૂ ધણી ધાર્યા. (અરજ)
ગુરૂ જગતતણા પ્રતિપાળ, મોહમાયાની ટાળો જંજાળ;
લેજો સમે સમેરે સંભાળ. (અરજ)
મુજ વિનંતી ઉરધરો નાથ; કૃપા કરી રાખો મને સાથ;
ભવસાગરથી ઉગારો દીનાનાથ. (અરજ)
સદ્ભાગ્યે ગુરૂ મળ્યા ત્યાગી, મયાદાસ સંગે લય લાગી;
લાલદાસ તણી ભીડ ભાગી. (અરજ)

(ભજન. રાગ રઘુપતી રામ હૃદયમાં રહેજોરે)

ગુરૂજીના નામને બલીહારીરે, ગુરૂગુણને જાવું વારી વારી (ટેક)
ગુરૂ સેવકતણા પ્રતિપાળરે, ગુરૂ માયાની ટાળો જંજાળરે;
બળતા દવથી ઉગારો નિજ બાળ (ગુરૂજી)
બાંહ્ય ગ્રહ્યાની રાખો લાજ રે, પાર ઉતારો ગુરૂ મહારાજરે;
કરો દાસ તણાં તમો કાજ. (ગુરૂજી)
ગુરૂ ગુણ તણો વહેપારરે, ગુરૂ મટાડે જમડાનો માર રે;
જગમાં સાચો ગુરૂનો આધાર. (ગુરૂજી)
જેને ગુરૂ તણી લ્હે લાગીરે, તેતો ગણાય જગમાં સભાગીરે;

તેની ભવની ભાવટ સહુ ભાગી. (ગુરૂજી)
સમરથ ગુરૂ મળ્યા મયાદાસરે, નિજ સેવકની પુરે આશરે;
ગુરૂચરણે કહે લાલદાસ. (ગુરૂજી)

(ગુરૂજીનું આનંદપદ)

ભલે પધાર્યા મારા મનના માન્યા સંત,
તમને નમીયે પુરા પ્રેમથી રે;
પ્રેમ કરીને કાંઇ પ્રીતે લાગુ પાય;
વારી વારી વદન તણા લઉં વારણારે. (ટેક)
મારા તે મનમાં મોટેરા ઉમંગ;
ચંદન કેરા ચોક પુરાવીઆ રે;
રતન બાજઠીયો ઢાળ્યો મંડપ માંહી;
ગુરૂજીને પ્રેમ કરી પધરાવીયા રે:
ડમરો મરવો ગલતોરાના હાર;
ગુરૂજીની કોટમાં સોહાવીયા રે.
ચોમુખ દિવડો મૂક્યો થાળની માંહી;
સહુ સખી મળી ઉતારો આરતી રે.
વધાવીઆ કંઇ માણેક મોતી સાર;
તન મન ધન ગુરૂજીને અરપીઆં રે.
હરખી નીરખી થઈ છું હું તો ન્યાલ;
રૂદીયા કમળ ટાઢાં હેમ છે રે.
મહાજગન એક રચીયો મંડપમાંહી,
ફુલ ગુલાલ ઉડે એક તાલમાં રે.
એ રસ દુર્લભ શિવ સનકાદીક સોહી;
ગોપીઓ અખંડાનંદને પ્રેમે રહી રે.
ભાણ પ્રતાપે મગ્ન ભયા રવીદાસ;
ગુરૂના ચરણ પખાળી મુખે ધરૂં રે,

(ભજન વેરાવળ)

લોભી વણજારા? માયામાં શું મોહ્યો, વખત ગુમાય છે. (ટેક)
તારો અવસર વહીવહી જાય છે, નિત્ય કાળ ક્રોધ તુને ખાય છે;
તુને ગુરૂ ભજતાં શું થાય છે રે? (લોભી)
તુને ખટ ચોરો લુંટી જાશે, તારા દશ દરવાજા બંધ થાશે;
તારી કર્મ કમાણી કોણ ખાશે (લોભી)
વ્હાલી કીધી છે નારી પરવ્રતી, તરછોડી છે નારી નીરવ્રતી;
જોને વિચારી કેવી થાશે ગતી? (લોભી)
તારૂં સગું સહોદર સહુ મળશે તને ચૌટે મુકી પરહરશે;
પુંઠે વારી જુહાર તુને શાહુ કરશે. (લોભી)
સાચી પ્રીત ગુરૂજી સાથે કરજો, સત્ય નામને ભજતાં ભવ તરશો;
લાલદાસ તણી દયા ઉર ધરજો. (લોભી)

(૫૬ ચહા વિષે) વ્યસનને છોડો

ચ્હા કોફીને કોકો, સહુને પડાવે પોકો
મારા ભાઇયો ચહાને હવે છાડજો.
રંગે છે એ કાળી, એ સહુને દુ:ખ દેનારી. (મારા)
ત્રક પીવી સારી, પણ ચ્હા મૂકો વિસારી, (મારા)
દેશનું હીત જો ચાહો, તો ચ્હાના સોગંદ ખાવો. (મારા)
કરે વિર્યનો નાશ, એનું જાજો સત્યાનાશ. (મારા)
દાસ બન્યા છો ચ્હાના, સુરવીર તમે તો સાના. (મારા)
ફક્કડ થઇને ફરતા, હોટલમાં પૈસા ભરતા. (મારા)
ચ્હેરો ફીકો એ પાડે, એ સર્વે શક્તિને બાળે. (મારા)
લાલદાસ કહે છે સાચું, હું બંધ કરવાનું યાચું. (મારા)

(ગુરૂજીને આમંત્રણ પદ)

કોઈ કહેજો સંદેશો ગુરૂદેવને રે, લાલદાસ જુવે છે તમ વાટ;
સત્ય ગુરૂજી વહેલા પધારજો. (ટેક)

તમ સાથે બંધાણી મારી પ્રિતડીરે,પલ એકતે જુગ જેવી જાય(સ)

મીન રાખોને જળમાં વિવેકથીરે; એનો મુંજાઇને જીવજાય (સત્ય)

મારા આત્મ આધાર ગુરૂદેવછોરે, ભવસાગરના તારણહાર (સ)

તનમન ધન ગુરૂપર વારીયાંરે, મયાદાસ ગુરૂ દુઃખ હરનાર; (સ)

લાલદાસ કહે છે કરજોડીનેરે, ગુરૂ પારખ પદ દેનાર (સત્ય)

(ભજન રઘુપતીરામ હૃદયમાંહી રહેજોરે. એ રાગ)

સમાગમ સંતનો સુખકારીરે, સત્યનામ લ્યોને રૂદે ધારી (સમાગમ)

ગુરૂવારે ગુરૂ ઘેર જઈએ રે, ગુરૂ રાખે ત્યાં બેસી રહીયે રે;
શુક્રવારે તે સુખી થઈએ (સમાગમ)

શનીવારે તે શું શું કરીયે રે, જે કહે તે ફરીમદ કરીયે રે;
સાથ તજી નામ સંગાથે વરીયે (સમાગમ)

રવિવારે છે રજની વિતીરે, ઉગ્યો જ્ઞાન ભાણ સમ નિતિરં
થઈ જયાં પ્રગટ વસ્તુની પ્રિતિ (સમાગમ)

સોમવારે તે સાને દોડોરે, અનુમાન ભ્રમને તોડોરે;
હરિ નહી મળે વહેલો કે મોડો (સમાગમ)

મંગળવારે તે મન મંજાવોરે, સમજાવી ગુરૂ ગમે લાવોરે
છુટે જન્મ મરણનો દાવો (સમાગમ)

બુધે બળવંતાની બાહ્ય ઝાલીરે, જોયા વેદ પુરાણ નીહાળીરે
શીદ જઇએ ભ્રમમાં ચાલી (સમાગમ)

સાતવાર ગુરૂગમથી કહીયેરે, સમજીને સત્ય નામ લઈયેરે
શ્વાસો શ્વાસે તદરૂપજ થઈયે (સમાગમ)

ગુરૂ નીશાંતને સ્વામી મળ્યા જયારેરે, ગોવિંદ ઠરીને બેઠા ઠેકાણેરે
નહી ક્રિયા કે બ્રહ્મ બારે (સમાગમ)

(ધન્યવાદ અને શુભ આશિર્વાદ)

શ્રી અમદાવાદમાં અમરધામની કબીરવાડીના નામથી ઓળખાતી આશરે ચારસો વર્ષના આ મંદિરની આ જમીનમાં શ્રી પ્રેમીભક્ત શેઠ અમ્રતલાલ હરિલાલભાઇએ સાધુસંતોને વિશ્રામ માટે સં. ૧૯૯૬ના કારતક સુદી ૧૨ ગુરૂવારે પડાળી બંધાવવાનું કામ શરૂ કર્યું છે, ધન્ય છે તેવા શુભ કાર્યમાં મદદ કરનાર ભક્તોને પરમાત્મા (સદ્ગુરુ) સદા સહાય કરો, સત્યપ્રેમથી એવા મારા આશિર્વાદ છે કે તે સદાય સુખી રહો અને પરમાત્મા (સંતપુરુષો) તેવું સદ્કાર્ય કરનાર ભક્તજનો પર કૃપા દૃષ્ટિ કરો.

(ધન્યવાદ)

ભક્ત ત્રીભોવન રવીચંદભાઈ ભાવસાર ત્યાં એક પડાળી અને ઉપર પરબડી બંધાવવા તેમણે નક્કી કર્યું છે, ધન્ય છે તેમની સત્ય ભક્તિને, પરમાત્મા તેમને સદા સુખી રાખો.

(અમરપુરનું ભજન)

અમરપુર લે ચલોરે સજ્જના (૨) (ટેક)
એ–અમરપુર સાંકડી ગલીયાં, અટપટહે ચલના. (અમરપુર)
એ–અમરપુર સંત વસત હે, સંતનસે મીલના. (અમરપુર)
એ–અમરપુર અમૃત મીલત હે, અમૃતકો પીવના. (અમરપુર)
કહેત કબીર સાહેબ સુનોભાઇ સાધુ,ભવસાગર તરના. (અમરપુર)

(સાખી)

અમરધામ અમરપુરી, સંત બીરાજે આય;
ભક્તજનો વિનંતી કરે, ગુરૂ તણા ગુણ ગાય.

સમાપ્ત.

(સર્વે ધર્મબંધુઓને ચેતવણી)

હું અનંતો વખત અનંતો દેહાદિમાં (બ્રહ્માંડોમાં) સ્હેલ કરી અનંતો વખત મને ખાસ–કબીર સાહેબ જ સત્ય ઉપદેશ આપતા હતા. પરંતુ હું મહાભિમાની સાહેબનું વચન માન્ય કરતો નહોતો, પરંતુ કબીર સાહેબે મ્હારા પર દયા લાવીને આ વખતે પણ ચેતાવીને પૂર્ણ પદ (પારખ પ્રકાશ) જ્ઞાન (સત્યમાંજ) સમાવેશ કરવા મને તેમનાં અનેકોવાર દર્શન આપી છેવટે મુક્ત પદે પહોંચાડ્યો છે. કારણ કે સંત સ્વરૂપે કબીર સાહેબ મને મળ્યા છે. એમની પૂર્ણ કૃપા વડે મ્હારી અનેકો વખતની ભૂલ સ્હેજમાં કહાડી કૃતાર્થ કર્યો છે, તેવા સંતપુરૂષોને હું વારમ્વાર સત્ય બંદગી કરૂં છું.

તમો ખાત્રી કરજો કે કબીર સાહેબના કેટલાક પુસ્તકોમાં–શબ્દ સ્વરૂપી લખે છે અને કેટલાક પુસ્તકોમાં–સત્ય સ્વરૂપી લખે છે, શબ્દ સ્વરૂપી તેનો અર્થ એ છે કેઃ–શબ્દ નામ વચન–એટલે સદ્‌ગુરુના વચન તે 'જ્ઞાન' સદ્‌ગુરુનું સ્વરૂપ બતાવ્યું છે. પરંતુ શબ્દ આવ્યો ક્યાંથી ? એટલે સત્ય સ્વરૂપીનાં જરૂર ત્યાં–સત્ય નામ સંતોનું જ છે. સત્ય સ્વરૂપ એ ખાસ સંતોનું જ છે, તેથી સંતદ્વારા એ શબ્દ આવે છે, એટલે સત્ય સ્વરૂપી અને શબ્દ સ્વરૂપી એવી રીતે બતાવ્યું છે, તે–પોતે ચૈતન્ય સત્ય જ છે. કેટલી જગાએ નિક્ષર પણ બતાવ્યો છે, નિક્ષર નામ ચૈતન્યનું જ છે, કારણ કે ચૈતન્ય સર્વેને લખે છે, તેથી તે નિક્ષર છે. " સર્વહુકો જનૈ સોતો સર્વહુસે ન્યારો રહૈ, સોઈ ગુરૂરૂપ નિજ પારખ લખાયો હૈ."—ગ્રંથ સંજ્ઞા પાઠ—

સર્વ ધર્મપ્રેમી બંધુઓને ખબર આપીએ છે કે અમો સદ્‌ગુરુ શ્રી કબીર સાહેબને પૂર્ણ રીતેથી ઓળખી લીધા છે, અને તે વિષેની હકીકત પુસ્તકોદ્વારા એ મેં જણાવી પણ છે, તેને સાચા જીજ્ઞાસુ ભાઇઓ (સાચા સંતો) તો–ધારણ કરવા ચૂકશે નહિ, પરંતુ ગાફિલજનો તો–ઇર્ષાભાવવાળા અથવા માનબડાઇવાળાને તો તે વિષે તે વચનોની સુઝ પડવાની જ નથી. કારણ કેઃ–

" જેના અવળા અંતઃકરણો, તેને સમજણ નાવે જોને."

સદ્‌ગુરુ કબીર સાહેબની પારખ મને સંતગુરુદ્વારાએ મળેલી–જેથી કબીર સાહેબ પોતે ચૈતન્ય (સત્ય પુરુષ) જેનામાં બિરાજમાન પ્રેરણાદ્વારાએ હમેશાં રહે છે.

(બીજક ગ્રંથમાં—સાખી)

દ્વારે તેરે રામજી, મેં ખડા હું મોહી;
તુતો સબમાં રમી રહા, મેં કૈસે મીલી તોહી.

ભાવાર્થ—તુ નાના પ્રકારની માયાવી બાજીમાં રમી રહ્યો છે, તો હું તને કેવી રીતે મળી શકું, કારણ કે હું તારામાં ચૈતન્ય સ્વરૂપે મોજુદ છું. પરંતુ તને તે વિષેનું ભાન નથી.

હકીકત એ છે કે જે પ્રકાશજ્ઞાનનો એ ચૈતન્ય ધર્મ તે કબીર સાહેબનો સિદ્ધાન્ત જ છે, ફક્ત તેને સદ્‌ગુરુની પ્રેરણાવડે મેં ગુજરાતી ભાષામાં જ પ્રગટ કરીને અઢી લાખ પુસ્તકો પ્રચારાર્થે પ્રગટ કર્યા છે. જેણે તે વિષેની માહિતી લેવા જરૂર હોય તો રૂબરૂ મળી તેનો ખુલાસો લેવા ચુકવું નહી. જીજ્ઞાસુવાળાને જ અમો વાટાઘાટ કરી શકીએ છીએ, માટે સર્વ કોઇએ આ શબ્દો ખાસ ધ્યાનમાં લઇને પોતાની અંદરની ગરબડ કહાડવા કોશિષ જરૂર કરશો, નહિતો પસ્તાશો-કારણ કે-આ મારો ખાખી દેહ તેનો કંઇ ભરોસો નથી " પાણીમેં પતાસા, ઐસા તનકે તમાસા."

લે:—**શ્રી સંતચરનરજ મથાદાસજી**

" છતી આંખે આખું જગત આંધળુ "

હજારો વર્ષ ગુફાઓ સેવો છો તે પણ મનની કલ્પના છે. ગર્ભવાસમાં ગુફાએઁ દશ માસ ઉંધા મસ્તકે રહ્યા હતા કે? પોતે પોતાના નિજપદને ભૂલી બીજો કર્તા કલ્પિને અંધશ્રદ્ધામાં મનુષ્યો દુઃખી થાય છે, તેવા તમામ દુઃખોનો જડમૂળથી નાશ કરવા આ સંસ્થામાંથી (૨૫) જાતના અહ્લાલાભ ગ્રંથો તૈયાર કર્યા છે. મુખ્ય ગ્રંથ નામે **" બીજક "** છે. પાનાં (૫૭૦) છે. **ફી. પો. ખ. સાથે રૂ. ૨–૮–૦ છે.**

લખો:—**અમદાવાદ સાંકડીશેરી કબીર ચૈતન્યધર્મપ્રચારક સંસ્થા.**

(વાંચન વર્ગને સુચના)

આ લઘુ પુસ્તક જનસેવાર્થે બહાર પાડયું છે. પરંતુ દૃષ્ટિગોચર મ્હારી કંઈ ભૂલ રહી ગઇ હોય તો આપ તે ભૂલ સુધારી વાંચશો અને પત્રદ્વારાએ મને ખબર આપશો એટલે બીજી આવૃત્તિમાં સુધારો થઈ શકે. **સેવક લાલદાસજી**

આદિત્ય મુદ્રણાલય • રાયખડ રોડ • અમદાવાદ